dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-7 | Issue-351 | AD-2024, Bhadarva Vad-08 | Wednesday, Dt.25-09-2024 | Editor: Vasant Movliya : Phone: (02792) 225225 | E-mail: sanjognews@gmail.com | Page-08 Price: Rs.3-00

### હિઝબુલ્લાએ ઇઝરાયેલી સેના સામે લડવા માટે સમગ્ર દક્ષિણ લેબનોનને યુદ્ધ ક્ષેત્રમાં ફેરવી દીધું

## ઈઝરાયેલના લેબનોનમાં ઘાતક હુમલા : ૫૦૦ લોકોના મોત

(એ.આર.એલ),જેરુસલેમ,તા.૨૪

લેબનોનમાં ઈઝરાયેલી સેનાના ઘાતક હુમલામાં ૫૦૦ લોકોના મોત બાદ હિઝબુલ્લા સાથેનું યુદ્ધ વધુ તીવ્ર બન્યું છે. ઈઝરાયેલી સૈન્યએ આજે જણાવ્યું હતું કે તેણે દક્ષિણ લેબેનોનમાં રાતોરાત હિઝબુલ્લાના ડઝનેક લક્ષ્યાંકો પર હુમલો કર્યો હતો. ઈઝરાયેલે દાયકાઓથી હવાઈ હુમલાઓ સાથે લેબનોનમાં ઈરાન સમર્થિત હિઝબુલ્લાના સ્થળોને નિશાન બનાવ્યા છે. સાથે જ હિઝબુલ્લાએ પણ ઈઝરાયેલ પર ઘાતક વળતો હુમલો કર્યો. હિઝબુલ્લાએ જણાવ્યું હતું કે આજે સવારે તેણે ફાદી શ્રેણીના રોકેટ વડે ઈઝરાયેલની અંદર ૬૦ કિમી (૩૭ માઈલ) અંદર વિસ્ફોટકોની ફેક્ટરી સહિત અનેક ઈઝરાયેલી લશ્કરી લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા. હિઝબુલ્લાના જણાવ્યા અનુસાર, તેણે આ હુમલો સવારે લગભગ ૪ વાગે કર્યો હતો. આ સમય દરમિયાન, ઈઝરાયેલની વિસ્ફોટક ફેક્ટરી અને મેગિદ્દો એરફિલ્ડ પર આખી રાત અલગ-અલગ ત્રણ વખત હુમલો કરવામાં આવ્યો હતો. હિઝબુલ્લાના વળતા હુમલાને જોતા ઈઝરાયેલમાં ૩૦ સપ્ટેમ્બર સુધી ઈમરજન્સી લાદી દેવામાં આવી છે. દક્ષિણ સરહદે ગાઝામાં હમાસ સામે લગભગ એક વર્ષથી ચાલતા યુદ્ધ પછી, ઈઝરાયલે હવે તેનું ધ્યાન ઉત્તરીય સરહદ પર ફેરવ્યું છે. હમાસના સમર્થનમાં હિઝબુલ્લા આ વિસ્તારોમાં રોકેટ ફાયર કરી રહ્યું છે, જેને ઈરાનનો પણ ટેકો છે. ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે તેણે આતંકવાદી સેલ હિઝબુલ્લા પર આર્ટિલરી અને ટેન્ક વડે દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાના સ્થાનોને નિશાન બનાવ્યા હતા. ઉત્તર ઈઝરાયેલની પોલીસે જણાવ્યું કે હિઝબુલ્લાએ જવાબમાં સેંકડો રોકેટ છોડ્યા. વિવિધ વિસ્તારોમાં



ઈન્ટરસેપ્ટર મિસાઈલોના ટુકડા મળી આવ્યા હતા. લેબનીઝ અધિકારીઓએ જણાવ્યું હતું કે લેબનોન પર સોમવારે ઈઝરાયેલના હવાઈ હુમલામાં લગભગ ૫૦૦ લોકો માર્યા ગયા હતા અને હજારો લોકોએ સલામત આશ્રયસ્થાનની શોધમાં ભાગવું પડ્યું હતું. લેબનોન પર ઈઝરાયેલની સેનાના હુમલાથી હિઝબુલ્લા નારાજ છે. તે ઈઝરાયેલ પર વળતો ઉગ્ર હુમલો કરી રહ્યું છે. હવે હિઝબુલ્લાએ ઈઝરાયેલી સેના સામે લડવા માટે સમગ્ર દક્ષિણ લેબનોનને યુદ્ધ ક્ષેત્રમાં ફેરવી દીધું છે. એક રીતે, હિઝબુલ્લાએ દક્ષિણ લેબનોનના દરેક ઘરને લોન્ચિંગ પેડમાં ફેરવી દીધું છે. દક્ષિણ લેબનોનમાં એક ઘરમાં રાખવામાં આવેલી મિસાઈલની તસવીરો આ વાતની સાક્ષી છે. આ તસવીરો તમને પણ ચોંકાવી દેશે. ઈઝરાયેલના વિદેશ મંત્રાલયે ટ્વિટર પર એક પોસ્ટમાં હિઝબુલ્લાની તૈયારી બતાવી છે. આમાં લાંબા અંતરની મિસાઈલ ઘરમાં છુપાવેલી જોઈ શકાય છે. એવું માનવામાં આવે છે કે શક્તિશાળી ઈઝરાયલી સેના સામે લડવા માટે હિઝબુલ્લાએ લેબનીઝના ઘરોમાં આવી મિસાઈલો અને રોકેટ છુપાવ્યા છે. ઈઝરાયેલી સેનાએ લખ્યું છે કે આ તસવીરો દર્શાવે છે કે હિઝબુલ્લા જાણીજોઈને દક્ષિણ લેબેનોનના રહેણાંક વિસ્તારોનો લોન્ચિંગ પેડ તરીકે ઉપયોગ કરી રહ્યું છે. તસ્વીરમાં તમે લાંબા અંતરની મિસાઈલને નાગરિક ઈમારતની અંદર મુકેલી જોઈ શકો છો. હિઝબુલ્લા જાણીજોઈને તેના લશ્કરી માળખાને નાગરિક વિસ્તારોમાં રાખી રહ્યું છે. જેથી તે તેમને ઢાલ તરીકે ઉપયોગ કરી શકે. ઈઝરાયેલે સોમવારે લેબનોન પર એવો ભયાનક હુમલો કર્યો કે અત્યાર સુધીમાં ૪૯૨ લોકો માર્યા ગયા છે. જ્યારે ૧૬૦૦થી વધુ ઘાયલ થયા છે. મૃત્યુઆંક હજુ વધે તેવી શક્યતા છે. ઈઝરાયલી સેનાના આ હુમલા બાદ હિઝબુલ્લા પરેશાન થઈ ગયું છે. છેલ્લા ૨૪ કલાકમાં હિઝબુલ્લાએ ઉત્તરી ઈઝરાયેલ પર ૨૫૦થી વધુ રોકેટ વડે હુમલો કર્યો છે. જોકે, ઈઝરાયેલે આયર્ન ડોમથી તેમાંથી મોટાભાગનાને માર્યા હોવાનો દાવો કર્યો છે. હવે ઈઝરાયેલની સેના પણ દરેક ઘરનો લોન્ચિંગ પેડ તરીકે ઉપયોગ કરવાની હિઝબુલ્લાની તૈયારીઓ જોઈને દંગ રહી ગઈ છે.

## મધ્યપ્રદેશમાં ઓટો રીક્ષા - ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત : ૭ના મોત, ૩ ઘાયલ

(એ.આર.એલ),ભોપાલ,તા.૨૪



દમોહના સામન્ના તિરહાઈ પાસે એક ટ્રકે એક ઓટો રીક્ષાને કચડી નાખી, જેમાં ૭ લોકોના મોત અને ૩ લોકો ઘાયલ થયાના અહેવાલ છે. તમામ ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ તપાસ કરી રહી છે કે મૃતકો અને ઘાયલ લોકો ક્યાંના છે અને તેઓ કોણ છે. સામન્ના તિરહાઈ પાસે એક ટ્રક દ્વારા ઓટો રીક્ષાને કચડી નાખવાની ઘટનામાં ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ અધિક્ષક શુરતકીર્તિ સોમવંશીએ જણાવ્યું કે લગભગ ૬ કે ૭ લોકોના મોત અને કેટલાક લોકો ઘાયલ થયાના સમાચાર છે. તે ક્યાંના છે તે જાણી શકાયું નથી, જેનું મૃત્યુ થયું છે તે માત્ર એક અંદાજ છે અને તેને સારવાર માટે મોકલવામાં આવ્યા છે અકસ્માત કઈ રીતે થયો અને તેનું કારણ શું હતું તેની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

### સેન્સેક્સની ૩૦ કંપનીઓમાં ટાટા સ્ટીલના શેરમાં સૌથી વધુ ૪.૩૨ ટકાનો વધારો નોંધાયો

## સેન્સેક્સે ૮૫,૦૦૦ અને નિફ્ટીએ ૨૬,૦૦૦નો આંકડો પાર કર્યો

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૪

ભારતીય શેરબજારમાં આજે જબરદસ્ત વધઘટ જોવા મળી હતી. દરમિયાન, બંને મુખ્ય સૂચકાંકો બીએસઈ સેન્સેક્સ અને એનએસઈ નિફ્ટી ૫૦ એ આજે ઈતિહાસ રચ્યો હતો. જ્યાં એક તરફ સેન્સેક્સે પ્રથમ વખત ૮૫,૦૦૦નો આંકડો પાર કર્યો છે, તો બીજી તરફ નિફ્ટી ૫૦એ પણ પ્રથમ વખત ૨૬,૦૦૦નો આંકડો પાર કર્યો છે. સપ્તાહના બીજા દિવસે, સેન્સેક્સ ૮૫,૧૬૩.૨૩ પોઈન્ટની તેની જીવનકાળની સર્વોચ્ચ સપાટીને સ્પર્શ્યો હતો અને નિફ્ટી ૫૦ તેની જીવનકાળની સર્વોચ્ચ સપાટી ૨૬,૦૧૧.૫૫ પોઈન્ટને સ્પર્શ્યો હતો. જોકે અંતે બંને ઈન્ડેક્સ મામૂલી નુકસાન સાથે બંધ થયા હતા. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ૧૪.૫૭ પોઈન્ટના ઘટાડા સાથે ૮૪,૯૧૪.૦૪ પોઈન્ટ પર બંધ થયો હતો જ્યારે નિફ્ટી ૧.૩૫ પોઈન્ટના મામૂલી વધારા સાથે ૨૫,૯૪૦.૪૦ પોઈન્ટ પર બંધ થયો હતો. સેન્સેક્સની ૩૦માંથી ૧૬ કંપનીઓના શેર લીલા નિશાનમાં અને ૧૪ કંપનીઓના શેર લાલ નિશાનમાં બંધ થયા હતા. એ જ રીતે નિફ્ટી ૫૦માંથી ૨૫ કંપનીઓના શેર લીલા નિશાનમાં



અને ૨૫ કંપનીઓના શેર લાલ નિશાનમાં બંધ થયા હતા.

સેન્સેક્સની ૩૦ કંપનીઓમાં ટાટા સ્ટીલના શેરમાં આજે સૌથી વધુ ૪.૩૨ ટકાનો વધારો નોંધાયો હતો. આ સિવાય પાવર ગ્રીડના શેર ૨.૭૦ ટકા, ટેક મહિન્દ્રા ૧.૮૮ ટકા, એચસીએલ ટેકના શેર ૧.૪૯ ટકાના વધારા સાથે બંધ થયા છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, જેએસડબલ્યુ સ્ટીલ, ટાટા મોટર્સ, સન ફાર્મા, એચડીએફસી બેંક, ભારતી એરટેલ, મારુતિ સુઝુકી, ટીસીએસ, લાર્સન એન્ડ ટુબ્રો, ઈન્ફોસીસ, એનટીપીસી અને અદાણી પોર્ટના શેર પણ લીલા નિશાનમાં બંધ થયા હતા.

બીજી તરફ હિન્દુસ્તાન યુનિલિવરનો શેર આજે મહત્તમ ૨.૪૬ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો. અલ્ટ્રાટેક સિમેન્ટના શેર ૧.૫૪ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૧૬ ટકા, કોટક મહિન્દ્રા બેન્ક ૧.૧૩ ટકા અને ટાઈટન ૧.૦૦ ટકાના નુકસાન સાથે બંધ થયા હતા. આ ઉપરાંત નેસ્લે ઈન્ડિયા, બજાજ ફાઈનાન્સ, એશિયન પેઈન્ટ્સ, બજાજ ફિનસર્વ, એક્સિસ બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, આઈટીસી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને આઈસીઆઈસીઆઈ બેંકના શેરમાં પણ ઘટાડો થયો હતો.

## કર્ણાટકના મુખ્યમંત્રીની અરજી હાઈકોર્ટે ફગાવી, કેસ દાખલ કરવાની મંજૂરી



બેંગ્લોર,તા.૨૧

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સામે જમીન કૌભાંડના મામલામાં કેસ દાખલ કરવામાં આવશે. કર્ણાટક હાઈકોર્ટના જસ્ટિસ એમ. નાગપ્રસન્નાએ મંગળવારે કહ્યું- 'પીટીશનમાં ઉલ્લેખિત બાબતોની તપાસ કરવી જરૂરી છે. આ કેસમાં મુખ્યમંત્રીનો પરિવાર સંડોવાયેલો છે, તેથી અરજી ફગાવી દેવામાં આવે છે. ૧૬ ઓગસ્ટના રોજ, રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૧૭A અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS), ૨૦૨૩ની કલમ ૨૧૮ હેઠળ સિદ્ધારમૈયા સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી હતી. CMએ ૧૯ ઓગસ્ટના રોજ હાઈકોર્ટમાં આને પડકાર્યો હતો.

મૈસુર અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (MUDA) કૌભાંડમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, તેમની પત્ની, વહુ અને કેટલાક અધિકારીઓ સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. કાર્યકર્તા ટી.જે. અબ્રાહમ, પ્રદીપ અને સ્નેહમોયી ક્રિષ્નાનો આરોપ છે કે મુખ્યમંત્રીએ MUDA અધિકારીઓ સાથે મળીને છેતરપિંડી કરીને મોંઘી જગ્યાઓ હસ્તગત કરી હતી. સિદ્ધારમૈયા વતી અભિષેક મનુ સિંઘવી અને પ્રો. રવિવર્મા કુમાર હાજર રહ્યા હતા.

રાજ્યપાલ વતી સોલિસિટર જનરલ તુષાર મહેતા હાજર રહ્યા હતા.

રાજ્ય સરકાર વતી એડવોકેટ જનરલ શશી કિરણ શેટ્ટીએ પોતાની દલીલો રજૂ કરી હતી. મનિન્દર સિંઘ, પ્રભુલિંગ કે. નવદગી, લક્ષ્મી આયંગર, રંગનાથ રેડ્ડી, કે.જી. રાઘવન અને અન્યોએ ફરિયાદીઓ વતી દલીલો રજૂ કરી હતી.












સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૨૫-૦૯-૨૦૨૪

# રાજુલાના ધાતરવડી ડેમનું પાણી કેનાલમાં છોડવામાં આવતા ખેડૂતોમાં આનંદ

અમરેલી,તા.૨૪

રાજુલા માર્કેટીંગ યાર્ડના ચેરમેન જીજ્ઞેશભાઈ પટેલ દ્વારા બે દિવસ પહેલા ધારાસભ્ય હીરાભાઈ સોલંકીને પત્ર મારફતે ધાતરવડી ડેમ ૧ ઓવરફ્લોનું પાણી કેનાલમાં છોડવામાં આવે તે માટે લખી રજૂઆત કરી હતી. આજે ખેડૂત આગેવાનોની હાજરીમાં સિંચાઈ



વિભાગે કેનાલમાં પાણી છોડતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે. અહીં કેનાલમાં પાણી છોડાતા ખેડૂતોના વાવેતરને ફાયદો થશે. આ ઉપરાંત અહીં કેનાલ નજીક આવેલ ગામો ધારેશ્વર, દીપડીયા, રીંગણીયાળા, નવી જૂની માંડરડી, વડલી, ચારોડીયા, ઝાંઝરડા, કુંડલીયાળા, બર્બટાણા, વાવેરા, ઝાપોદર સહિત ૧૩ જેટલા ગામોના ખેડૂતોને સીધો ફાયદો થશે.

### આચાર્યને આપેલા લોગીનમાં ઈ-કેવાયસી થતુ ન હોવાની બૂમ

# જિલ્લામાં શિષ્યવૃતિ માટે ઈ-કેવાયસી કરવા વાલીઓની ભાગદોડ

**કોઈ બાળક ઈ-કેવાયસીથી વંચિત નહી રહે : શિક્ષણ મંત્રીની હૈયાધારણા**

અમરેલી,તા.૨૪

રાજય સરકાર દ્વારા બાળકોને શિષ્યવૃતિ માટે હવે રેશનકાર્ડ સાથે લીંક કરેલા આધારકાર્ડ માટે ઈ-કેવાયસી ફરજિયાત કરવામાં આવ્યું છે. જો કે ઈ-કેવાયસી માટે બાળકોની સાથે વાલીઓની ભાગદોડ વધી ગઈ છે. જેને લીધે વાલીઓમાં ભારે રોષની લાગણી પ્રસરી છે. રાજય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ માટે રેશનકાર્ડ સાથે લીંક ફરજિયાત કરવામાં આવી છે. આ માટે શાળાના આચાર્યને પણ લોગીન આપવામાં આવ્યા છે પરંતુ આચાર્યને આપવામાં આવેલા લોગીનમાં ઓટીપી જ આવતો ન હોવાનું જાણવા મળ્યુ છે. લોગીન થયા પછી એપ્લીકેશનમાં માહિતી ભરવામાં આવે તો આધારકાર્ડનો ઓટીપી બાળકના વાલીના મોબાઈલ જાય છે જેમાંથી મોટાભાગના વાલીઓના મોબાઈલ નંબર બદલી ગયા હોવાથી વાલીઓની મુશ્કેલી વધી છે. શાળાએ માહિતી ભર્યા પછી તમામ ડેટા સ્થાનિક મામલતદાર કચેરીએ ગયા પછી જ ચકાસણી થાય છે. શાળામાં લોગીનના અભાવે વાલીઓએ બાળકો સાથે મામલતદાર કચેરીએ દોટ મૂકી છે. આ અંગે શિક્ષણ રાજયમંત્રી પ્રફુલ પાનશેરીયાએ હૈયાધારણા આપતા જણાવ્યું હતું કે, કોઈ બાળક ઈ-કેવાયસીથી વંચિત રહેશે નહી. ઈ-કેવાયસી માટે છેલ્લી તા.૩૦ હોય જેથી વાલીઓને ભાગદોડ વધી જતા ભારે રોષ ફેલાયો છે. રાજય સરકાર ઈ-કેવાયસી માટે સમય મર્યાદા વધારે તેવી વાલીઓએ માંગ કરી છે.

# બાબરામાં ગેરકાયદે બાંધકામ વિવાદ : પાલિકા નિષ્ક્રિય, માલિકો બેફિકર

બાબરા, તા.૨૪

બાબરાના ઉમિયાનગરમાં સરકારી જમીન પર થઈ રહેલા ગેરકાયદે બાંધકામને લઈને વિવાદ સર્જાયો છે.

સ્થાનિક રહીશ ભવાનભાઈ રાતડીયાએ કરેલી ફરિયાદ બાદ નગરપાલિકાએ સ્થળ તપાસ કરી હતી, જેમાં દબાણ સાબિત થયું હતું. નગરપાલિકાએ કોમ્પ્લેક્સના માલિકોને ત્રણ નોટિસ આપી છે, પરંતુ દરેક નોટિસ બાદ માલિકોએ બાંધકામ ચાલુ રાખ્યું છે. પ્રથમ નોટિસ બાદ પ્લાસ્ટરનું કામ, બીજી નોટિસ બાદ લાદી ફિટિંગ અને ત્રીજી નોટિસ બાદ ૧૪ દુકાનોમાં શટર લગાવવામાં આવ્યા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, કોમ્પ્લેક્સના માલિકોને વિશ્વાસ છે કે નગરપાલિકા તેમનું કંઈ બગાડી શકશે નહીં. બીજી તરફ, નગરપાલિકા પર આરોપીઓને બચાવવાનો આરોપ લાગી રહ્યો છે. હવે પ્રશ્ન એ છે કે શું નગરપાલિકા આ મામલે કડક પગલાં લેશે કે પછી ચોથી નોટિસ આપીને જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કરશે? આ મામલે સ્થાનિકોએ ઘેરી ચિંતા વ્યક્ત કરી છે.

નગરપાલિકાના અધિકારીઓએ આ મામલે કોઈ નિવેદન આપ્યું નથી. આગામી દિવસોમાં શું થાય છે તે જોવું રહ્યું.

**પત્રમાં શું કહ્યું છે?**

બાબરા નગર સેવા સદનનો આ પત્ર તારીખ ૨૧/૦૬/૨૦૨૪નો છે. તે ભાવેશભાઈ ભનુભાઈ દશાણીયાને સંબોધિત છે. પત્રમાં કોમર્શિયલ બાંધકામ કરવા અંગે નોટિસ આપવામાં આવી છે. નોટિસમાં જણાવ્યા મુજબ, બાબરા શહેરના વોર્ડ નંબર માં આવેલ ઉમીયાનગર વિસ્તારમાં અનધિકૃત બાંધકામ કરવામાં આવ્યું છે. આ બાંધકામ CGDCR (લાગુ પડતા નિયમો) મુજબ નથી. તેમને બાંધકામ બંધ કરવા અને તોડી પાડવા માટે સૂચના આપવામાં આવી છે. જો તેઓ આ સૂચનાનું પાલન નહીં કરે તો નગરપાલિકા અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

# તોરી પે સેન્ટર શાળાના શિક્ષકોને ભાવભીની વિદાય

વડીયા, તા.૨૪

તોરી બી.વી. કોટડીયા પે સેન્ટર શાળામાં લાંબા સમયથી સેવા આપતા શિક્ષક રાજીભાઈ વઘાસીયા અને દયાબેનને વિદાય આપવામાં આવી. રાજીભાઈએ આ શાળામાં ૨૨ વર્ષ સુધી શિક્ષક તરીકે સેવા આપી હતી અને હવે તેમની બદલી સનાળી ખાતે થઈ છે. શાળા પરિવાર દ્વારા આયોજિત વિદાય સમારંભમાં શાળાના આચાર્ય હીરપરાભાઈ



તસવીર : વિનુભાઈ કોટડીયા

અને સમગ્ર સ્ટાફે રાજીભાઈને અને દયાબેનને શ્રીફળ આપી વિદાય આપી હતી. શાળાના વિદ્યાર્થીઓએ પણ મીઠાઈ આપી તેમના પ્રિય શિક્ષકને વિદાય આપી હતી. સમારંભમાં શાળા પ્રમુખ વિનુભાઈ કોટડીયા અને મનુભાઈ સાવલીયાએ રાજીભાઈને શાલ ઓઢાડી, ફૂલગુલાબ અર્પણ કર્યા અને પત્રિકા સાથે થેલી આપી સન્માન કર્યું હતું.

# યુવા મહોત્સવમાં જે.વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થીએ સંગીત વિભાગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું

અમરેલી, તા.૨૪

શ્રી દિપક હાઈસ્કૂલ, અમરેલી ખાતે યોજાયેલ અમરેલી જિલ્લા કક્ષાના યુવા મહોત્સવમાં શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત જે.વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થી હરીયાણી મીતે સંગીત વિભાગમાં ભાગ લઈ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. હરીયાણી મીતે હળવા કંઠ્ય સંગીતની શ્રેણીમાં પ્રથમ નંબર



મેળવ્યો છે. શાળાના સંગીત શિક્ષક સંજયભાઈ મહેતાના માર્ગદર્શન અને તાલીમ હેઠળ દર વર્ષે વિદ્યાર્થીઓ સંગીત વિભાગમાં ભાગ લઈ વિજેતા બને છે, જે શાળાની સતત સફળતાનું પ્રતીક છે.

# જિલ્લાના ગામડાઓમાં સ્વચ્છતા અંગે ભીંતચિત્રો અને સુત્રો લખાયા



અમરેલી,તા.૨૪

જાફરાબાદ તાલુકાના રોહિસા ગામ સહિતના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં દિવાલને રંગરોગાન કરી તેના પર સ્વચ્છતા સંદેશ આપતા ભીંતચિત્રો અને ભીંતસૂત્રો લખીને સ્વચ્છતા માટે જનજાગૃતિનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. લાઠી તાલુકાના સુવાગઢ ગામે સરપંચ, સદસ્યોની વિશેષ ઉપસ્થિતિમાં ભૂલકાંઓએ સ્વચ્છતાલક્ષી સામૂહિક કાર્યોના પ્રારંભ માટે પ્રવૃત્તિઓ હાથ ધરી, 'અમારું ગામ, સ્વચ્છ ગામ'નો સંદેશ પ્રસરાવ્યો હતો. કુંકાવાવ-વડીયા તાલુકાના પંચાયત સદસ્ય, ગામના ઉપસરપંચ અને મહાનુભાવો, અગ્રણીઓ, પદાધિકારીઓના હસ્તે કુંકાવાવ-વડીયા તાલુકાના બરવાળા બાવીશી ગામે વ્યક્તિગત સોકપીટ-કમ્પોસ્ટપીટની કામગીરીના પ્રારંભ માટે પગલાઓ હાથ ધરવામાં આવ્યા હતા.ધારી તાલુકામાં વીરપુર ગામે સરપંચ નિમુબેન જોષી તથા ગામના આગેવાનો દ્વારા સામૂહિક કામોના ખાતમુહૂર્તની કામગીરી કરવામાં આવી હતી. ધારી તાલુકાના મીઠાપુર-નક્કી ગામે મનરેગા વિથ એસબીએમ કન્વર્ઝન વ્યક્તિગત સોકપીટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયતના પ્રમુખ તેમજ સરપંચ દ્વારા બગસરા તાલુકાના હડાળા ગામે સામૂહિક સોકપીટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.




# અમરેલી શહેર, મોરઝર ગામેથી બે યુવતી ગુમ

અમરેલી, તા.૨૪

અમરેલી જિલ્લામાંથી બે યુવતી ગુમ થઈ હતી. મોરઝર ગામે રહેતી નસીમબેન રહીમભાઈ ટાંક (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી સલમાબેન ટાંક (ઉ.વ.૨૦) બપોરે એક વાગ્યે ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહી હતી. ચલાલા પોલીસ સ્ટેશનના એએસઆઈ એન. બી. દાફડા વધુ તપાસ કરી રહ્યા છે. અમરેલી શહેરમાં રહેતા કિશનભાઈ ભુરાભાઈ મકવાણાએ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી કોમલબેન (ઉ.વ.૨૧) સવારે ઘરેથી કચરો નાખવા જવાનું કહીને નીકળ્યા બાદ પોતાની મેળે ક્યાંક જતી રહી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.વી. લંગાળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં ધારાસભ્યના કાર્યાલય ખાતે વરિષ્ઠ મહિલાઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પ

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલામાં સોમવારે વરિષ્ઠ મહિલાઓ માટે હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના કાર્યાલય ખાતે કરવામાં આવ્યું હતું. મહુવા રોડ પર અટલધારા કાર્યાલય ખાતે આ કેમ્પનું આયોજન સાવરકુંડલા ભાજપ ડોક્ટર સેલ દ્વારા કરવામાં આવ્યું



હતું. આ કેમ્પમાં સિનિયર સિટીઝન મહિલાઓના આરોગ્યની તપાસ કરવામાં આવી હતી. આ અવસરે સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ સહિતના હાજર રહ્યા હતા.









# રાજુલામાં આવેલી રેલવેની જગ્યામાં તંત્રનું બુલડોઝર ફર્યું

અમરેલી,તા.૨૪



રાજુલા શહેરમાં રેલવેની જગ્યા આવેલી છે. બસસ્ટેન્ડ વિસ્તારથી લઈ ડુંગર જકાતનાકા વિસ્તાર સુધી રેલવેની જગ્યામાં દબાણો કરવામાં આવ્યા છે.

જેના કારણે થોડા દિવસો પહેલા દબાણ દૂર કરવા માટે રેલવે વિભાગ દ્વારા નોટિસ આપી દબાણ ખાલી કરવા માટેની સૂચના આપવામાં આવી હતી તેમ છતાં ખાલી નહિ કરતા આજે પ્રથમ બસસ્ટેન્ડ વિસ્તારમાં રેલવે વિભાગના પોલીસ અધિકારીઓની હાજરીમાં બુલડોઝર ફેરવી દેવાયું હતું. અહીં બસસ્ટેન્ડ વિસ્તારથી ડુંગર જકાતનાકા વિસ્તાર સહિત રેલવેની જગ્યા ઉપર જ્યાં જ્યાં દબાણ હોય તે દબાણ દૂર કરવા માટેની કામગીરી સતત ચાલુ રાખવામાં આવશે.

# અમરેલી જિલ્લાનાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવા માટે પડતી હાલાકી સામે આવેદન

અમરેલી, તા.૨૪



રાજય સરકાર દ્વારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવા ફરજીયાત ઈ-કેવાયસી કરવાનું જણાવ્યું હોવાથી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જેથી આ બાબતે આચાર્ય સંઘ અમરેલી દ્વારા રાજય સરકારને રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે, અમુક વિદ્યાર્થીઓના રેશનકાર્ડના નામ સાથે કોડ નથી, દરેક ગામમાં કોમ્પ્યુટર ઓપરેટર નથી, અમુક ગામમાં સર્વરની સમસ્યા છે. જેના કારણે ઘણા વિદ્યાર્થીઓ ઈ-કેવાયસીના અભાવે શિષ્યવૃત્તિથી વંચિત રહી જાય તેવી શકયતા છે. અમુક વાલીઓ અન્ય રાજયના હોય તેમના રેશનકાર્ડ હોતા નથી. જેના કારણે આવાં પરિવારોના સંતાનો શિષ્યવૃત્તિથી વંચિત રહી જાય છે. ખાસ કરીને પછાત વર્ગના વિદ્યાર્થીઓ સરકારી કાગળીયાની આંટીઘૂંટીમાં શિષ્યવૃત્તિથી વંચિત રહી ન જાય તે માટે રાજય સરકારે ગંભીરતાથી વિચારવાની જરૂર છે. આ બાબતે યોગ્ય કરવા આચાર્ય સંઘ અમરેલી દ્વારા આવેદન પાઠવવામાં આવ્યું છે.

# જિલ્લામાં બપોર બાદ વરસાદી ઝાંપટાથી વાતાવરણમાં ઠંકડ પ્રસરી

અમરેલી, તા.૨૪

રાજયના હવામાન વિભાગ દ્વારા આગામી તા.૨૭ સુધી હળવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમરેલી,લાઠી,લીલીયામાં બપોર બાદ હળવા વરસાદી ઝાંપટા પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. વરસાદી ઝાંપટાથી લોકોએ ગરમીમાંથી રાહત મેળવી હતી.

# રાજુલા પોલીસ સ્ટેશનનો નાસતો-ફરતો આરોપી ૧૭ વર્ષે ઝડપાયો

**આરોપી સામે રૂ.૧૦ હજારનું ઈનામ હતું**

અમરેલી,તા.૨૪



અમરેલી જિલ્લામાં નાસતા ફરતા આરોપીને પકડવા માટે SP હિમકર સિંહ દ્વારા સૂચનાઓ આપતા ગંભીર ગુનામાં સંડોવાયેલા ૧૦ નાસતા ફરતા ટોપ આરોપીઓની યાદી તૈયાર કરવામાં આવી હતી જેમાં રૂપિયા ૧૦,૦૦૦ના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. અમરેલી એલસીબી પીઆઈ અલ્પેશ પટેલની ટીમ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરતા રાજુલા પોલીસ સ્ટેશનમાં હત્યાના ગુનામાં લિસ્ટેડ અને છેલ્લા ૧૭ વર્ષથી નાસતા ફરતા આરોપીને ટેક્નિકલ સોર્સ અને બાતમી અને માહિતીના આધારે ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના લોંગડી ગામ નજીકથી લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમે દબોચી લઈ રાજુલા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે. રાજુલા પોલીસે ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજુલામાં રત્નકલાકારને 'મોબાઈલમાં કોની સાથે વાત કરે છે' કહી ધમકી આપી

રાજુલા, તા.૨૪

રાજુલામાં રહેતા એક રત્ન કલાકારને 'મોબાઈલમાં કોની સાથે વાત કરે છે' કહી મુંઢમાર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે શૈલેષભાઈ ભરતભાઈ ડાભી (ઉ.વ.૩૦)એ સાગરભાઈ ભરતભાઈ વાણીયા તથા રાકેશભાઈ ભુપતભાઈ વાણીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ યાદવ ચોકમાં મોબાઈલ લઈને બેઠા હતા. તે વખતે આરોપીઓ મોટર સાયકલ લઈને તેમની પાસે આવી 'મોબાઈલમાં કોની સાથે વાત કરે છે' તેમ કહી ગાળો આપી હતી. ઉપરાંત તેમને પી.વી.સી. પાઈપ વડે મુંઢમાર મારીને રૂપિયા ૧૦,૦૦૦ની કિંમતનો મોબાઈલ તોડી નાખ્યો હતો. તેમજ ઢીકાપાટુનો મુંઢમાર મારી બન્નેએ જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.પી. ગાજીપરા વધુ તપાસ કરી રહ્યા છે.






# અમરેલીની યુવતીને અમદાવાદમાં સાસરિયાની કનડગત

અમરેલી, તા.૨૪

અમરેલીમાં રહેતી એક યુવતીના લગ્ન અમદાવાદના યુવક સાથે થયા હતા. લગ્નના થોડા દિવસો સારી રીતે રાખ્યા બાદ સાસરિયાની કનડગત શરૂ થઈ હતી. પતિએ ગાળો આપી હતી તેમજ સાસુ-સસરા અને દિયર-દેરાણીએ તેમની વિરુદ્ધ પતિને ચડામણી કરી હતી. બનાવ અંગે ધર્મિષ્ઠાબેન સુરેશબાઈ ટીમણીયા (ઉ.વ.૩૪)એ અમદાવાદમાં રહેતા પતિ કેતનભાઈ હરેશભાઈ ઉર્ફે હરૂભાઈ વાઢેર, હરેશભાઈ ઉર્ફે હરૂભાઈ ભીખાભાઈ વાઢેર, લક્ષ્મીબેન હરેશભાઈ ઉર્ફે હરૂભાઈ વાઢેર, ધર્મેશભાઈ હરેશભાઈ ઉર્ફે હરૂભાઈ વાઢેર તથા દેરાણી આરતીબેન ધર્મેશભાઈ વાઢેર સામે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ તેમને લગ્નજીવન દરમિયાન નાની-નાની બાબતોમાં અવાર-નવાર મેણાટોણા મારી શારિરીક માનસિક દુઃખ-ત્રાસ આપતા હતા. તેમજ તેના પતિએ ઢીકાપાટુનો મુંઢમાર મારી ગાળો આપી હતી અને સાસુ-સસરા તથા દિયર-દેરાણીએ તેમની વિરૂદ્ધ ચડામણી કરી હતી.

# સાવરકુંડલા નગરપાલિકા દ્વારા સાયકલ રેલી તથા સ્વચ્છતા શપથ સહિતના કાર્યક્રમો યોજાયા

અમરેલી, તા.૨૪

સાવરકુંડલા નગરપાલિકા દ્વારા સાયકલ રેલી, સ્વચ્છતા શપથ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ, ચીફ ઓફિસર, પદાધિકારીઓ, મહાનુભાવો, નાગરિકો, સફાઈ કર્મીઓ સહિતના જોડાયા હતા. સાવરકુંડલા શહેરના રેલવે સ્ટેશન, મુખ્ય બજાર, સર્કલ, વાલ્મીકિ વાસ, મારુતિ નગર, પેટ્રોલ પંપ સામેનો વિસ્તાર, અમરેલી-સાવરકુંડલા હાઈ-વે વિસ્તાર, મણિભાઈ ચોક સહિતના વિસ્તારોમાં સઘન સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમમાં શહેરીજનો પણ જોડાયા હતા.

# અમરેલીની યુવતીને ગઢડામાં સાસરિયાએ લાકડાનો ધોકો મારી ઈજા પહોંચાડી

અમરેલી, તા.૨૪

અમરેલીમાં રહેતી એક યુવતીના લગ્ન ગઢડાના યુવક સાથે થયા હતા. લગ્ન બાદ સાસરિયાએ યેન-કેન પ્રકારે કનડગત શરૂ કરી હતી. જેનાથી કંટાળી પિયર પરત ફર્યા બાદ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓ યેન-કેન પ્રકારે શારીરિક માનસિક ત્રાસ આપી જેમફાવે તેમ ગાળો આપતા હતા. પતિએ તેના વાળ પકડી ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ હનીફાબેને લાકડાનો ધોકો ડાબા પગે મારી મુંઢ ઈજા પહોચાડી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય, સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઇ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી








**CHANGE OF NAME**

I hereby declare Ishakbhai Aadambhai Zakhara that I have changed my name from Zankhra Isak Adambhai to Ishakbhai Aadambhai Zakhara. And henceforth I shall be Known as Ishakbhai Aadambhai Zakhara.

Sig: Ishakbhai Aadambhai Zakhara
Address: Bagoya, Ta. Savarkundla, Dist. Amreli, Gujarat.

**શ્રી ચાવંડ કુમાર પ્રાથમિક શાળા, ચાવંડ**
**તા.લાઠી, જિ.અમરેલી**

**જાહેર હરરાજી (બીજો પ્રયત્ન)**

શ્રી ચાવંડ કુમાર પ્રાથમિક શાળા ચાવંડ, તા.લાઠી, જિ.અમરેલીના ૨ રૂમો નળીયાવાળા ૧૦ રૂમો સ્લેબવાળાની જાહેર હરરાજી તા.૩૦/૯/૨૦૨૪ ને સોમવારના રોજ સવારે ૧૧:૩૦ કલાકે શ્રી ચાવંડ કુમાર પ્રાથમિક શાળા ચાવંડ, તા. લાઠી, જિ.અમરેલી ખાતે રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા વ્યકિત કે પાર્ટીએ સમયસર હાજર રહેવા જાણ કરવામાં આવે છે. જર્જરિત ઓરડાની અપસેટ કિંમત રૂા. ૩,૧૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ દસ હજાર પુરા) છે. માલસામાન લઈ જઈ તળીયું સાફ, સમથળ કરી આપવાનું રહેશે. હરરાજીમાં ભાગ લેનારે ડિપોઝીટની રકમ રૂા. ૫૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ભરવાની રહેશે. હરરાજીની શરતો અને બોલીઓ હરરાજીનાં દિવસે રૂબરૂ સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

આચાર્ય
શ્રી ચાવંડ કુમાર પ્રા.શાળા
તા.લાઠી, જિ.અમરેલી

અધ્યક્ષ
એસ.એમ.સી.
શ્રી ચાવંડ કુમાર પ્રા. શાળા

**નામ બદલાવેલ છે**

આથી હું ઈશાકભાઈ આદમભાઈ ઝાખરા જાહેર કરૂ છુ કે મે મારૂ નામ ઝાખરા ઈશાક આદમભાઈ માંથી બદલાવીને ઈશાકભાઈ આદમભાઈ ઝાખરા (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું ઈશાકભાઈ આદમભાઈ ઝાખરા (નવુ) તરીકે ઓળખાઈશ.

સહી : ઈશાકભાઈ આદમભાઈ ઝાખરા
એડ્રેસ: બગોયા, તા. સાવરકુંડલા, જી. અમરેલી, ગુજરાત.


અરોમા પ્રીમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર



લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે
M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧


**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ- જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૧૭૭ /૨૦૨૪

અરજદાર: શ્રી દાહાભાઈ બાવભાઈ જાદવ
સરનામુ: મુ.નાગેશ્રી, તા.જાફરાબાદ જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા : જન્મ- મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી,નાગેશ્રી
મું.નાગેશ્રી તા.જાફરાબાદ, જિ.અમરેલી

**નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **જાફરાબાદ તાલુકાના નાગેશ્રી** ગામના **શ્રી દાહાભાઈ બાવભાઈ જાદવ** એ તેમના **ભત્રીજા** નામે **શ્રી જાદવ રૂખડભાઈ રામભાઈ** નો **જન્મ તા.૦૧/૦૬/૧૯૬૪** નાં રોજ **જન્મ** થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ **શ્રી મિલન આર. જોષી** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૫ માહે સપ્ટેમ્બર સને. ૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિકકા કરી આપ્યા.

સ્થળ :- જાફરાબાદ
તારીખ:- ૦૫/૦૯/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144





HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી

**તંત્રી લેખ**

# "ટાઈટાન" મીની સબમરીનનું રહસ્ય અણઉકેલ

દરિયાઈ જહાજોની દુનિયામાં જેને સૌથી મોટી દુર્ઘટના ગણવામાં આવે છે તે ટાઈટેનિકની છે. આ **titanic** ના કાટમાળને જોવા માટે ગયેલા **titan** નામના સબમર્સીબલ એટલે કે મીની સબમરીનની પણ એક ભયંકર દુર્ઘટના સર્જાણી અને તે અંગેનું સંશોધન ગત સપ્તાહે હાથ ધરવામાં આવ્યું. અમેરિકન નેવી કોસ્ટગાર્ડ સહિતની એજન્સીઓએ જાહેર કર્યું કે આ જહાજનો છેલ્લો સંદેશો "સબ સલામતનો" હતો આમ છતાં તે જહાજ ટાઈટેનિકના ભંગાર નજીક ભયંકર ધડાકા સાથે તૂટી ગયું. **Titanic** નામનું જહાજ આજથી ૧૦૦ કરતાં વધુ વર્ષ પહેલા ડૂબી ગયું તેને વિશે સૌ કોઈ જાણે છે. એટલાન્ટિક મહાસાગરની સપાટીથી ૧૨,૫૦૦ ફૂટ નીચે આ જહાજનો ભંગાર આજની તારીખે પડેલો છે. જેને જોવા માટે દુનિયાના અનેક ધનકુબેર લોકો તલપાપડ છે આ માટે ૧૮ મી જૂન ૨૦૨૩ ના રોજ પાંચ મુસાફરોને લઈને ટાઈટન નામની સબમર્સીબલ સબમરીન એટલે ઊંડાઈએ ગઈ કે સમુદ્રના પ્રચંડ દબાણથી આ મીની સબમરીન પ્રચંડ ધડાકા સાથે ફાટી ગઈ આને ટેકનિકલ ભાષામાં ઈમ્પ્લોઝન કહેવામાં આવે છે મતલબ કે કોઈ પણ વસ્તુની અંદર દબાણ વધે તો તેનો વિસ્ફોટ થાય પરંતુ જો અંદર દબાણ ઓછું હોય અને બહાર દબાણ ઘણું વધી જાય તો તે ઈમ્પ્લોઝન થાય છે એટલે ભયંકર રીતે સંકોચાઈને તૂટે છે. આ સબમર્સીબલ એવી ધાતુનું બનાવેલું હતું કે ગમે તેટલું બહારનું દબાણ આવે તો તે તીવ્ર તાણ અને સંકોચનનો સામનો કરી શકે તેવું મજબૂત બનાવવામાં આવ્યું હતું. બહારના પાણીનું પ્રચંડ દબાણ કે જેને કોમ્પ્રેસિવ સ્ટ્રેન્થ કહેવામાં આવે છે તે વધી જતા આ સબમર્સીબલ તૂટ્યું અને તેમાં દરિયાના તળિયે ગયેલા પાંચે પાંચ મુસાફરોનું અવસાન થયું જેમાં ટોકટનરસ અમેરિકન એન્જિનિયર બિઝનેસમેન અને ઓશન ગેટ એક્સપીડેશનના સહ સ્થાપક સાથે હતા. આ ઉપરાંત બ્રિટિશ બિઝનેસમેન સહિતના કુલ પાંચ વ્યક્તિઓ આ જ મીની સબમરીનમાં મૃત્યુ પામ્યા. આ સબમર્સીબલ એટલું મજબૂત બનાવવામાં આવ્યું હતું કે તેની સપાટી ઉપર ૫૫૦૦ પાઉન્ડનું કોમ્પ્રેસિવ દબાણ આવે તો પણ તે તૂટે નહીં તેવું બનાવવામાં આવ્યું હતું. ટાઈટન પહેલા ઓલવીન નામનું એક સબમર્સીબલ ટાઈટેનિકના ભંગાર સુધી જનાર પ્રથમ મીની સબમરીન હતી જેને ગોલ્ડ સ્ટાન્ડર્ડ ગણવામાં આવ્યું હતું. ૧૯૬૫ માં તે બનાવવામાં આવ્યું હતું અને ૨૦૨૨ માં તેનું અપગ્રેડેશન થયું અને તેણે પહેલી વખત ટાઈટેનિકની મુલાકાત લીધી. સમુદ્રમાં સૂર્યપ્રકાશ ૩૨૮૧ ફૂટ સુધી પહોંચી શકે છે તેનાથી આગળ સમુદ્રની અંદર અંધકાર છવાયેલો હોય છે જેને ડાર્ક ઝોન કહેવામાં આવે છે આ ઊંડાઈનું માપ છે. અહીં પાણીનું ઉષ્ણતામાન ચાર ડિગ્રી સેન્ટિગ્રેડ જેટલું ઠંડુ હોય છે. પ્રોજેક્ટનું સંચાલન ઓસનગેટ નામની મરીન ટેકનોલોજી કંપની કરી રહી છે. ૧૮ જૂન ૨૦૨૩ માં આ મીની સબમરીન પાંચ મુસાફરોને લઈને **titanic** ના ભંગાર સુધી પહોંચવા માટે ગઈ. અહીં પહોંચવા માટે તેને અઢી કલાકનો સમય લાગ્યો હતો. સબમરીન ટાઈટેનિક સુધી પહોંચી, નજીક ગઈ ત્યાં ભયાનક અવાજ થયો અને આ મીની સબમરીન તૂટી ગઈ. આ કમનસીબ સબમર્શીબલનો ભંગાર **titanic** ના ભંગારથી ૧૬૫૦ ફૂટ દૂર પડેલો મળી આવ્યો તેમ યુએસ કોસ્ટગાર્ડે જણાવેલું છે. **Titanic** ને જોવા માટે જે જાય છે તે મુશ્કેલીમાં મુકાય છે તે એક હકીકત છે. દુનિયાની આ એવી ઘટના છે જેમાં વિશ્વના તમામ દેશોને ઊંડો રસ છે. આ બાબતના સંશોધનની કાર્યવાહી ચાલી રહી છે બીજી બાજુ ઓસનગેટ કંપનીની સામે કાર્યવાહી ચાલી રહી છે તેમાં રોજ નવા નવા રહસ્યો ખુલતા જાય છે.

# માણેકવાડા ગામે સહકારી મંડળીના પૂર્વ મંત્રી અને ચૂંટાયેલા સભ્યોએ ૯૬.૨૭ લાખની ઉચાપત કરી

**ઓડીટરે ૧૧ લોકો સામે ફરિયાદ નોંધાવી**

બગસરા, તા.૨૪

બગસરાના માણેકવાડા ગામે સહકારી મંડળીના પૂર્વ મંત્રી તથા ચૂંટાયેલા સભ્યોએ ૯૬,૨૭,૫૫૦.૪૬ રૂપિયાની ઉચાપત કરી હતી.

જેને લઈ ઓડીટરે તમામ સભ્યો સામે ફરિયાદ નોંધાવી હતી. અમરેલીમાં રહેતા વિનોદભાઈ સામતભાઈ બલદાણીયા ઓડીટર ગ્રેડ-૨એ પૂર્વ મંત્રી સહિત ૧૧ લોકો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, સાગરભાઈ અરવિંદભાઈ પટોળીયા માણેકવાડા સેવા સહકારી મંડળીમાં મંત્રી તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેમણે ચૂંટાયેલા સભ્યો ધીરૂભાઈ નાથાભાઈ પટોળીયા, બેચરભાઈ લાલજીભાઈ આસોદરીયા, વલ્લભભાઈ જાદવભાઈ વડાળીયા, મનસુખભાઈ કેશવભાઈ પટોળીયા, ભીખાભાઈ પોપટભાઈ કાનાણી, અરવિંદભાઈ વલ્લભભાઈ પટોળીયા, મનસુખભાઈ રણછોડભાઈ પટોળીયા, રાજેન્દ્રભાઈ વિઠલભાઈ કોટડીયા, મથુરભાઈ મુળજીભાઈ ગાજીપરા તથા રમેશભાઈ પુનાભાઈ કોટડીયા સાથે મળી રૂ.૯૬,૨૭,૫૫૦.૪૬ પૈસાની ઉચાપત કરી હતી. બગસરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.જી. મયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચાંપાથળ ગામે રહેણાંક મકાનમાં તસ્કરો ત્રાટક્યા: કુલ રૂ.૭૦ હજારની ચોરી

અમરેલી, તા.૨૪

અમરેલીના ચાંપાથળ ગામે એક રહેણાંક મકાનમાંથી સોના-ચાંદીના દાગીના, રોકડા ૩૦ હજાર સહિત કુલ ૭૦ હજાર રૂપિયાની ચોરી થઈ હતી. બનાવ અંગે ચંદુભાઈ ધીરૂભાઈ ખુંટ (ઉ.વ.૫૧)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પત્ની પુનમબેન આંબલીયાભાઈ રાઠવા તા.૨૫/૧૦/૨૦૨૧ ના વીસેક દિવસ પહેલા પોતાનું ઘર છોડીને પોતાના માવતર જતા રહ્યા હતા. તેમણે પોતાના રહેણાંક મકાને તપાસ કરતા મંગળસુત્ર નંગ-૦૧, સોનાની બુટી જોડ નંગ-૦૧, ચાંદીનો કંદોરો નંગ-૦૧, સોનાનો ઓમકાર નંગ-૦૧, ચાંદીના છડાની જોડ નંગ-૦૩ તથા રોકડા રૂા.૩૦,૦૦૦ મળી કુલ રૂા.૭૦,૦૦૦ ની કોઈ ચોર ઈસમ ચોરી કરી લઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે. ગોંડલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ઝઘડામાં સાથ નહીં આપવાના મનદુ:ખમાં ધારીયાના ઘા માર્યા

**વિજપડી ગામે ચીખલી રોડ પર બનાવ બન્યો**

સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલામાં રહેતા એક યુવકના કુટુંબીઓ બે દિવસ પહેલા ઝઘડ્યા હતા. જેમાં તેણે સાથ આપ્યો નહોતો. જેને લઈ તેના પર ધારીયાથી હુમલો કરવામાં આવ્યો હતો. ઉપરાંત જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે સાવરકુંડલામાં રહેતા નિતેશભાઈ મગનભાઈ ચારોલીયાએ વિજપડી ગામે રહેતા ગીરીશભાઈ જગદીશભાઈ ચારોલીયા તથા તુલશીભાઈ ખોડાભાઈ ચારોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીઓના કુટુંબીએ બે દિવસ પહેલા ગોરડકા ગામે ઝઘડો કર્યો હતો. તે ઝઘડામાં તેમણે આરોપીને સાથ આપ્યો નહોતો. તે બાબતનું મનદુ:ખ રાખી બંને આરોપીઓએ તેમને ગાળો આપી ધારીયા વડે કપાળની ઉપર માથાના ભાગે એક ઘા મારી ઈજા કરી હતી. ઉપરાંત બંને આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.એ. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# ચિતલ ગામના યુવકે 'આજે તો તું બચી ગયો હવે મને સામો મળીશ તો તને મારી નાખીશ' કહી ધમકી આપી

**આરોપી છરી કાઢીને મારવા પણ દોડ્યો**

અમરેલી, તા.૨૪

અમરેલીના ચિતલ ગામે રહેતા એક યુવકને છરી લઈ મારવા દોડ્યો હતો. ઉપરાંત આજે તો તું બચી ગયો છે હવે મને સામો મળીશ તો તને મારી નાખીશ તેવી ધમકી આપી હતી. બનાવ અંગે મહેશભાઈ મનુભાઈ વાળા (ઉ.વ.૨૬)એ વિજય ઉર્ફે ગાંધી ભીખુભાઈ ચારોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી જાહેરમાં ગાળો બોલતો હતો, જેથી ફરિયાદીએ તેને ગાળો બોલવાની ના પાડતા આરોપીએ તેને અપમાનીત કરી, મા સામી ગાળો આપી હતી. થોડીવાર પછી તેઓ પોતાના ઘરે જતા હતા ત્યારે આરોપીએ આવી છરી કાઢી તેમને મારવા દોડ્યો હતો. તેમજ "આજે તો તું બચી ગયો હવે મને સામો મળીશ તો તને મારી નાખીશ." તેવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

અમરેલી એસસી-એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં શ્રીમદ ભાગવત કથા નવપોથી જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન

રાજુલા, તા.૨૪

રાજુલા શહેરમાં લોહાણા મહાજન વાડી ખાતે ભાગવત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૨૩ ના રોજ કેસરીનંદન હનુમાનજીના મંદિરેથી પોથીયાત્રા વાજતે ગાજતે લોહાણા મહાજન વાડી પહોંચી હતી. સદગુરુ મહારાજ શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર પરમ પૂજ્ય હરિચરણદાસજી મહારાજના મુખ્ય યજમાન પદે



તસવીર : ગોપાલ રાઠોડ

રામજી મંદિર આશ્રમ ગોંડલના શિષ્ય જયરામ દાસજી મહારાજ કથાનું રસપાન કરાવી રહ્યા છે. આ પ્રસંગે સુરેવ ધામ ચાપરડા ભારત સાધુ સમાજના પ્રમુખ મુક્તાનંદજી મહારાજ, વૃંદાવન બાગ રામપરા રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલ ભારતીય શ્રી પંચ નિર્મોહી અખાડા શ્રી રાજેન્દ્ર દાસજી મહારાજ, વાકુની ધાર પંચમુખી હનુમાનજી મંદિર શ્રી રામ બાલકદાસજી મહારાજ, ગુરુ શ્રી બલરામ દાસજી મહારાજ સહિતના સંત-મહંત દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. અતિથિ વિશેષ તરીકે રાજુલા-જાફરાબાદ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, શિક્ષણવિદ ગિજુભાઈ ભરાડ, નીતિનભાઈ રાયચુરા, મુકુંદભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં મહિલાને વિશ્વાસમાં લઈ રૂ. ૯૦.૩૦ લાખની ઠગાઈ કરી જાનથી મારવાની ધમકી આપી

બગસરા, તા.૨૪

બગસરામાં રહેતી એક મહિલાને વિશ્વાસમાં લઈ તેની સાથે રૂ. ૯૦.૩૦ લાખની ઠગાઈ કરવામાં આવી હતી. ઉપરાંત ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે સાધનાબેન ભગવાનભાઈ દોંગા (ઉ.વ.૩૦)એ અશોકભાઈ સામતભાઈ બાબરીયા, ભાવનાબેન હસમુખભાઈ ભટ્ટ તથા મનોજભાઈ વિનોદરાય કારેલીયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીઓએ તેમને વિશ્વાસમાં લઈ રૂ.૯૦,૩૦,૦૦૦ની ઠગાઈ કરી ફોનમાં ગાળો બોલીને મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કે.જી. મયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્ર યાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૬૩૦ |
| ઘઉં લોકવન | ૫૪૬ | ૫૭૬ |
| ઘઉં ટુકડા | ૫૩૮ | ૫૮૮ |
| જુવાર સફેદ | ૭૫૦ | ૮૪૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૫ |
| બાજરી | ૩૮૦ | ૪૭૦ |
| તુવેર | ૧૫૦૦ | ૨૧૯૩ |
| ચણા પીળા | ૧૩૦૦ | ૧૪૮૦ |
| ચણા સફેદ | ૨૨૦૦ | ૩૦૦૦ |
| અડદ | ૧૨૦૦ | ૧૮૨૭ |
| મગ | ૧૪૫૦ | ૧૬૦૪ |
| વાલ દેશી | ૧૪૭૫ | ૨૦૭૦ |
| ચોળી | ૧૫૦૦ | ૩૧૬૪ |
| વટાણા | ૩૦૮૦ | ૩૨૦૮ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૫૩૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૫૮ |
| મગફળી જીણી | ૧૧૩૦ | ૧૪૪૪ |
| તલી | ૨૦૫૦ | ૨૬૩૦ |
| સુરજમુખી | ૫૪૦ | ૯૦૦ |
| એરંડા | ૧૧૧૧ | ૧૨૩૧ |
| અજમો | ૧૬૦૦ | ૨૪૭૫ |
| સોયાબીન | ૮૭૫ | ૯૧૧ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૨૭૦ |
| કાળા તલ | ૩૧૦૦ | ૩૭૫૧ |
| લસણ | ૩૨૬૧ | ૫૧૮૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૭૫ |
| ધાણી | ૧૩૦૦ | ૧૪૦૫ |
| વરીયાળી | ૧૦૨૦ | ૧૩૮૧ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૯૭૨ |
| રાય | ૧૦૫૦ | ૧૩૫૬ |
| મેથી | ૧૦૫૦ | ૧૩૨૧ |
| રાયડો | ૧૦૨૦ | ૧૧૫૦ |
| રજકાનું બી | ૪૬૦૦ | ૫૨૦૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૩૬ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૧૦૦ | ૨૦૫૦ |
| બટેટા | ૩૦૦ | ૬૧૧ |
| ડુંગળી સુકી | ૩૬૦ | ૯૬૦ |
| ટમેટા | ૫૦૦ | ૭૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૧૦૦૦ | ૨૦૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૬૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૪૫૦ |
| ફલાવર | ૬૦૦ | ૧૦૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૦૦ | ૧૭૫ |
| કારેલા | ૩૦૦ | ૫૦૦ |
| સરગવો | ૬૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૫૦૦ |
| પરવર | ૧૧૦૦ | ૧૫૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગાજર | ૩૩૦ | ૫૨૦ |
| કંટોળા | ૬૦૦ | ૧૨૦૦ |
| ગલકા | ૩૫૦ | ૫૩૦ |
| બીટ | ૩૦૦ | ૫૦૦ |
| મેથી | ૧૫૦૦ | ૨૬૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| મગફળી લીલી | ૩૫૦ | ૬૩૦ |
| મકાઇ લીલી | ૧૬૦ | ૩૬૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૮૫ | ૧૧૬૫ |
| શિંગ મોટી | ૭૭૫ | ૧૧૪૫ |
| શિંગ ફાડા | ૧૦૬૩ | ૧૩૦૮ |
| તલ સફેદ | ૧૮૧૫ | ૨૮૨૦ |
| તલ કાળા | ૩૦૬૦ | ૩૮૨૦ |
| તલ કાશ્મીરી | ૩૧૨૧ | ૩૧૯૭ |
| બાજરો | ૪૨૯ | ૪૯૨ |
| જુવાર | ૭૨૬ | ૮૨૫ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૧૨ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૬૦૭ |
| મગ | ૧૨૫૦ | ૧૮૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૪૨૪ |
| એરંડા | ૧૧૬૦ | ૧૨૧૨ |
| જીરું | ૩૦૦૦ | ૪૪૯૦ |
| સોયાબીન | ૮૫૦ | ૮૭૭ |
| વાલ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૦૩૫ | ૧૩૮૦ |
| રજકાનું બી | ૪૩૦૦ | ૪૮૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૨૦ | ૫૧૦ |
| રીંગણાં | ૫૨૦ | ૬૧૦ |
| ફુલાવર | ૫૦૦ | ૬૨૦ |
| કોબીજ | ૩૫૦ | ૪૫૦ |
| ટામેટા | ૮૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૧૫૦૦ | ૧૬૮૦ |
| ગાજર | ૪૫૦ | ૫૮૦ |
| દૂધી | ૨૦૦ | ૨૪૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૪૩૦ | ૫૬૦ |
| ગુવાર | ૧૦૩૦ | ૧૩૮૦ |
| ચોળા શીંગ | ૫૨૦ | ૬૩૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૮૩૦ | ૯૨૦ |
| કોથમીર | ૧૬૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૧૬૦૦ | ૧૮૦૦ |
| ફુદીનો | ૮૫૦ | ૯૫૦ |
| ટીંડોરા | ૮૫૦ | ૯૫૦ |
| બીટ | ૪૫૦ | ૫૫૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૩૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૩૨૦ | ૪૩૦ |
| ડુંગળી સૂકી | ૪૦૦ | ૯૦૦ |
| મકાઈ | ૨૮૦ | ૪૦૦ |
| મગફળી લીલી | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૬૦૦ | ૧૮૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૩૪૦ |
| શીંગ મોટી | ૯૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૯૧ |
| જીરૂ | ૩૮૦૦ | ૪૯૦૦ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૧૨ |
| બાજરો | ૪૨૧ | ૪૭૫ |
| ચણા | ૧૨૦૦ | ૧૫૧૫ |
| અડદ | ૧૨૫૩ | - |
| એરંડી | ૧૦૫૦ | ૧૧૪૦ |
| તુવેર | ૧૬૨૦ | - |
| ધાણા | ૧૦૪૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૮૧ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૦૬ |
| ઘઉં | ૫૦૦ | ૫૭૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૨૦ |
| મગફળી | ૭૦૦ | ૧૦૫૧ |
| શિંગ ફાડા | ૮૦૦ | ૯૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૬૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૭૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૬૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૨૦ |
| જીરૂ | ૩૩૩૩ | ૪૮૦૦ |
| ઘઉં | ૪૫૭ | ૫૭૧ |
| તલ સફેદ | ૨૦૨૦ | ૨૫૪૦ |
| અડદ | ૧૨૮૦ | ૧૬૯૦ |
| એરંડા | ૧૦૩૧ | ૧૧૫૯ |
| બાજરો | ૪૦૫ | ૪૫૫ |
| જુવાર | ૫૩૦ | ૫૮૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૦૦૧ | ૧૬૨૬ |
| ઘઉં લોકવન | ૫૩૪ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૨૮ | ૬૪૧ |
| સિંગદાણા જાડા | ૧૧૫૧ | ૧૩૯૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૧ | ૧૩૧૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૧ | ૧૨૪૬ |
| જીરૂ | ૩૦૫૧ | ૪૯૮૧ |
| કલંજી | ૧૨૦૧ | ૩૭૮૧ |
| વરીયાળી | ૧૧૨૬ | ૧૧૭૬ |
| ધાણા | ૭૦૦ | ૧૬૧૧ |
| લસણ સુકું | ૧૭૯૧ | ૫૦૭૧ |
| ડુંગળી લાલ | ૩૫૧ | ૯૧૬ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૬૧ |
| મઠ | ૮૦૧ | ૮૦૧ |
| તુવેર | ૧૨૧૧ | ૨૧૦૧ |
| રાયડો | ૧૧૨૧ | ૧૧૪૧ |
| મેથી | ૧૦૫૧ | ૧૩૦૧ |
| ગુવાર બી | ૧૦૬૧ | ૧૦૬૧ |
| સફેદ ચણા | ૧૪૦૧ | ૩૦૨૧ |
| તલ - તલી | ૨૧૦૦ | ૨૭૪૧ |
| ધાણી | ૯૫૧ | ૧૫૭૧ |
| બાજરો | ૩૯૧ | ૪૮૧ |
| જુવાર | ૭૩૧ | ૯૨૧ |
| મકાઇ | ૩૮૧ | ૬૫૧ |
| મગ | ૧૧૦૧ | ૧૫૭૧ |
| ચણા | ૧૩૦૧ | ૧૪૬૬ |
| વાલ | ૪૯૧ | ૨૧૦૧ |
| વાલ પાપડી | ૪૮૧ | ૧૮૫૧ |
| ચોળા / ચોળી | ૯૦૧ | ૩૨૫૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૯૧ |
| અજમા | ૨૪૫૧ | ૨૪૫૧ |
| ગોગળી | ૫૭૬ | ૧૦૧૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૯૦ | ૧૫૦૦ |
| મગફળી | ૮૫૨ | ૧૦૫૨ |
| ઘઉં | ૮૫૨ | ૧૦૫૨ |
| ચણા | ૧૧૬૫ | ૧૨૫૭ |
| ઘઉં | ૫૧૬ | ૫૪૯ |
| અડદ | ૧૫૮૦ | ૧૫૯૦ |
| **ખાંભા** | | |
| કપાસ નવો | ૧૩૦૬ | ૧૪૫૦ |
| જુવાર સફેદ | ૭૫૩ | ૭૫૩ |
| બાજરો | ૪૬૦ | ૪૬૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૬૨૫ |
| કપાસ | ૧૦૫૧ | ૧૫૫૯ |
| બાજરો | ૪૦૦ | ૫૫૨ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૨૦ |
| જુવાર | ૬૦૦ | ૮૪૮ |
| ચણા | ૭૦૦ | ૧૪૫૪ |
| સોયાબીન | ૮૦૦ | ૮૮૩ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૨૨ | ૫૪૨ |
| સોયાબીન | ૮૨૩ | ૮૪૩ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ચણા | ૧૦૭૫ | ૧૩૩૩ |
| જીરૂ | ૪૩૦૫ | ૪૩૦૫ |
| મકાઈ | ૫૫૦ | ૫૫૦ |
| ચણા | ૧૨૧૫ | ૧૩૯૫ |
| મગ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૫૦૦ |
| તુવેર | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૯૦ |
| મગફળી | ૮૪૦ | ૮૪૦ |
| શીંગદાણા | ૧૪૦૫ | ૧૪૦૫ |
| ડુંગળી | ૫૫૦ | ૫૫૦ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૨૧૦ | ૧૭૧૮ |
| શીંગ ૩૯ | ૬૪૦ | ૧૧૯૯ |
| શીંગ જી-૨૦ | ૬૦૩ | ૧૧૨૧ |
| એરંડા | ૬૧૭ | ૬૧૭ |
| જુવાર | ૪૩૭ | ૫૭૮ |
| બાજરી | ૪૫૫ | ૫૨૨ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૦૮ |
| ચણા | ૧૧૫૪ | ૧૪૧૨ |
| તલ સફેદ | ૨૦૯૨ | ૨૭૦૧ |
| તુવેર | ૧૫૧૫ | ૧૫૧૫ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૯૫૯ |
| ડુંગળી સફેદ | ૧૦૦ | ૯૩૫ |
| નાળીયેર | ૩૩૦ | ૧૭૮૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૮૦૦ | ૧૧૫૭ |
| મગફળી ઘર નં. | ૮૫૦ | ૧૦૯૦ |
| બાજરી | ૪૫૦ | ૫૧૨ |
| ઘઉં | ૪૦૦ | ૬૦૪ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૫૮૦ |

સંજોગ ન્યૂઝ
# ઉત્સવ
બુધવાર, 25 સપ્ટેમ્બર, 2024
05



“ લાગે તો તીર ” : - અરે મને કોઠામાં હાહ હમાતો નથી

06

# ભારતમાં ૭૭ વર્ષમાં ૧૭ જ મહિલા મુખ્યમંત્રી !



આતિશી મુખ્યમંત્રી બની ગયા.

આમ આદમી પાર્ટીના નેતા આતિશી માર્લેના દિલ્હીના નવાં મુખ્યમંત્રી બની ગયા છે. દિલ્હીના કાલકાજી વિધાનસભા મતવિસ્તારમાંથી ચૂંટાયેલાં ૪૩ વર્ષીય આતિશી સુષ્મા સ્વરાજ અને શીલા દિક્ષીત પછી દિલ્હીના આ ત્રીજાં મહિલા મુખ્યમંત્રી છે. ભારતમાં બીજા કોઈ રાજ્યમાં ત્રણ મહિલાઓ મુખ્યમંત્રી નથી બની એ જોતાં દિલ્હીએ ઈતિહાસ રચ્યો છે. દિલ્હીમાં અત્યાર સુધીમાં ૯ મુખ્યમંત્રી આવ્યાં ને તેમાં ત્રણ મહિલા છે એ મોટી વાત છે. દિલ્હીમાં આતિશી પહેલાં મુખ્યમંત્રી બનેલી બંને સન્નારીઓના કાર્યકાળમાં બહુ મોટો વિરોધાભાસ છે. દિલ્હીમાં શીલા દિક્ષીતે તો સળંગ ૧૫ વર્ષ રાજ કરેલું. શીલા દિક્ષીત આજની તારીખે પણ દેશમાં સળંગ સૌથી લાંબો સમય રાજ કરનારાં મહિલા મુખ્યમંત્રી છે. સામે સુષ્મા સ્વરાજ માત્ર ૫૦ દિવસ માટે મુખ્યમંત્રીપદે રહેલાં. દિલ્હીમાં મદનલાલ ખુરાના ને પછી સાહિબસિંહ વર્માએ કશું કામ ના કર્યું ત્યારે છેલ્લે છેલ્લે ભાજપને બચાવવા સુષ્મા સ્વરાજને મુખ્યમંત્રી બનાવાયેલાં પણ સુષ્મા ભાજપને જીતાડી નહોતા શક્યા.

આતિશીના નેતૃત્વમાં આમ આદમી પાર્ટી ફરી જીતે છે કે નહીં એ જોવાનું છે પણ આતિશીના નેતૃત્વમાં આપ ફરી જીતશે તો પણ આતિશીએ વિદાય થવું પડશે કેમ કે આપ ફરી જીતશે તો અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રી બનશે ને આપ હારી જશો તો નવી સરકાર બનશે. અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દેશે અને દિલ્હીમાં આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારી કરવા લોકો વચ્ચે જશે એવું એલાન કર્યું ત્યારે કહેલું કે, હવે ફરી જનાદેશ લઈને જ દિલ્હીનો મુખ્યમંત્રી બનીશ. આ સંજોગોમાં આતિશીને મુખ્યમંત્રીપદ વચગાળાની વ્યવસ્થા છે.

■■■

આતિશીની શપથવિધિ સાથે દેશમાં મહિલા મુખ્યમંત્રીઓની સંખ્યા વધીને બે થઈ છે.

અત્યાર લગી પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજી દેશનાં એક માત્ર મહિલા મુખ્યમંત્રી હતાં. હવે આતિશી પણ મમતાની ક્લબમાં જોડાયાં છે. જે દેશમાં ૫૦ ટકા વસતી મહિલાઓની છે એ દેશનાં ૨૯ રાજ્યોમાંથી માત્ર બે રાજ્યોમાં જ મહિલા મુખ્યમંત્રી હોય એ શરમની વાત કહેવાય પણ તેમાં નવાઈની વાત નથી.

ભારતમાં મહિલા સશક્તિકરણની મોટી મોટી વાતો થાય છે પણ સાચા અર્થમાં સશક્તિકરણ થતું નથી. મહિલાઓને પુરૂષ નેતાઓ પોતાનાં નેતા તરીકે સ્વીકારી શકતા નથી. આ કારણે જ દેશને આઝાદ થયાને ૭૭ વર્ષ પૂરાં થઈ જવા છતાં આતિશી સહિત માત્ર ૧૭ મહિલા મુખ્યમંત્રી આવી છે. આ પૈકી આતિશી, સુષ્મા સ્વરાજ અને શીલા દીક્ષિત એમ ત્રણ તો દિલ્હીમાં મુખ્યમંત્રી બન્યાં એ જોતાં બાકીના રાજ્યોમાં ગણીને ૧૪ મુખ્યમંત્રી આવ્યા છે. મતલબ કે, દેશના એક રાજ્યદીઠ ૧ મહિલા મુખ્યમંત્રી પણ નથી આવ્યા.

જો કે એક વાત સ્વીકારવી પડે કે, આ દેશમાં કેટલીક મહિલા મુખ્યમંત્રીઓ અત્યંત મજબૂત આવી. શીલા દિક્ષીતે તો કોંગ્રેસને સળંગ ત્રણ વાર જીતાડીને ૧૫ વર્ષ રાજ કર્યું. મમતા બેનરજી છેલ્લાં ૧૩ વર્ષથી પશ્ચિમ બંગાળમાં રાજ કરે છે. શીલાનો રેકોર્ડ કદાચ મમતા બેનરજી તોડશે કેમ કે મમતાની પણ આ સળંગ ત્રીજી ટર્મ છે. માયાવતી દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તર પ્રદેશમાં ૪ વાર મુખ્યમત્રી બન્યાં. જયલલિતા પણ ૪ વાર તમિલનાડુનાં મુખ્યમંત્રી બન્યાં. વસુંધરા રાજે પણ બે વાર રાજસ્થાનનાં મુખ્યમંત્રી બન્યાં ને બે વાર પાંચ વર્ષની ટર્મ પૂરી કરીને ૧૦ વર્ષ મુખ્યમંત્રી રહ્યાં. આતિશી આ કેટેગરીમાં કદાચ નહીં આવી શકે.

■■■

સુચેતા કૃપલાની દેશના પહેલાં મહિલા મુખ્યમંત્રી હતાં.

સુચેતા કૃપલાનીનો જન્મ અંબાલામાં થયો હતો. સ્વાતંત્ર્ય સેનાની સુચેતાની ભારત છોડો આંદોલન વખતે ૧૯૪૪માં ધરપકડ કરવામાં આવી હતી અને એક વર્ષ માટે જેલમાં રાખવામાં આવ્યા હતા. સુચેતા ૧૯૪૬માં સંયુક્ત પ્રાપ્ત (હવે ઉત્તર પ્રદેશ)માંથી બંધારણ સભામાં ચૂંટાયાં હતાં. કોંગ્રેસની ટિકિટ પર ૧૯૫૨ અને ૧૯૫૭ની લોકસભા ચૂંટણીઓમાં ચૂંટાઈ આવેલાં સુચેતા ૧૯૬૩માં ભારતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા અને ઉત્તર પ્રદેશની સેવા કરી હતી.

નંદિની સત્પથી ઓડિશાના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા હતા. તેમનો જન્મ કટકમાં થયો હતો. ઓડિયા માસિક ‘કલાના’ ના લેખક અને સંપાદક નંદિની ઓડિયા ભાષામાં પ્રખર લેખિકા હતાં. તેમની કૃતિઓનો અન્ય ઘણી ભાષાઓમાં અનુવાદ થયો હતો. નંદિની ભારતમાં પ્રથમ મહિલા હતાં કે જેમણે બે વાર મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા.



**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા

શશિકલા કાકોડકર બે વાર ગોવા, દમણ અને દીવનાં મુખ્યમંત્રી બન્યાં. તેમના પિતા દયાનંદ બંદોદકર ૧૯૬૩માં ગોઆમાં યોજાયેલી પ્રથમ ચૂંટણીમાં જીતીને રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા. તેમણે પહેલી વાર ૧૯૬૭માં મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટીની ટિકિટ પર વિધાનસભાની ચૂંટણી લડી હતી અને વિધાનસભાના બીજાં મહિલા સભ્ય બન્યા હતા. ૧૯૭૨ની ચૂંટણીમાં તેઓ ફરીથી ચૂંટાયા અને રાજ્યમંત્રી બન્યા. તેમના પિતાનું ૧૨ ઓગસ્ટ ૧૯૭૩ના રોજ પદ પર હતા ત્યારે જ અવસાન થયું હતું અને પક્ષના ધારાસભ્યો દ્વારા તેમને સર્વાનુમતે મુખ્યમંત્રી ચૂંટવામાં આવ્યા હતા.

સૈયદા અનવરા તૈમૂર આસામના પહેલા અને એકમાત્ર મહિલા મુખ્યમંત્રી છે. ભારતના કોઈપણ રાજ્યનાં પ્રથમ અને એક માત્ર મુસ્લિમ મહિલા મુખ્યમંત્રી સૈયદાએ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્રમાં ઓનર્સ સાથે સ્નાતકની પદવી મેળવી હતી. સૈયદા ૧૯૫૬માં જોરહાટની દેવીચરણ બરુઆ ગર્લ્સ કોલેજમાં લેક્ચરર બન્યા હતા. સૈયદા સૌ પ્રથમ ૧૯૭૨માં આસામ વિધાનસભામાં ચૂંટાયા હતા અને ૧૯૭૮, ૧૯૮૩ અને ૧૯૯૧માં ફરી ચૂંટાયા હતા. ૧૯૮૨માં આસામમાં રાષ્ટ્રપતિ શાસનના સમયગાળા વચ્ચે ટૂંકા ગાળા માટે મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી. જાનકી રામચંદ્રન તમિલનાડુના પ્રથમ મહિલા મુખ્યમંત્રી હતા અને ૨૪ દિવસના સૌથી ટૂંકા ગાળાના મુખ્યમંત્રીપદનો રેકોર્ડ તેમના નામે છે. તમિલ ફિલ્મોમાં અભિનેત્રી જાનકીના પતિ એમજીઆર મારુથુર ગોપાલન રામચંદ્રન ) તમિલ ફિલ્મોમાં સુપરસ્ટાર હતા ને ડીએમકેમાં જોડાઈને મંત્રી બન્યા હતા. કરૂણાનિધી સાથે સંઘર્ષ થતાં એમજીઆરએ પોતાની પાર્ટી એઆઈએડીએમકે શરૂ કરી પછી જાનકી સક્રિય બન્યાં. ૧૯૮૭માં એમજીઆરનું અવસાન થયું ત્યારે જાનકીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા, ત્રણ અઠવાડિયામાં તેમને બહુમતી સાબિત કરવા કહેવાયેલું પણ વિશ્વાસ પ્રસ્તાવનાં દિવસે જ વિધાનસભામાં હિંસા થતાં જાનકીની ૨૪ દિવસની સરકારને બરખાસ્ત કરી દેવામાં આવી હતી.

■■■

જયલલિતા એઆઈએડીએમકેના નેતા એમજીઆરના પત્ની જાનકી રામચંદ્રન સાથેના સંઘર્ષ બાદ રાજીવ ગાંધીની મદદથી એઆઈએડીએમકે પર કબજો કરવામાં સફળ રહ્યા હતાં. ૧૯૮૯ની ચૂંટણી પછી જયલલિતા વિપક્ષનાં નેતા બન્યાં અને ૧૯૯૧માં રાજ્યના બીજા મહિલા મુખ્યમંત્રી બન્યા હતા. ચૌદ વર્ષથી વધુ સમય સુધી મુખ્યમંત્રીપદે રહેનારાં જયલલિતાએ કુલ છ વખત શપથ લીધા હતા. કલ્યાણકારી યોજનાઓ અને સબસિડીવાળી વસ્તુઓની ‘અમ્મા’ બ્રાન્ડને કારણે ચર્ચામાં રહેલાં જયલલિતા ભ્રષ્ટાચારનો પણ પર્યાય બની ગયેલાં. પક્ષના કાર્યકરો તેમને અમ્મા અને પુરાચી થલાઈવી કહેતા. ૨૦૧૬માં તેમનું અવસાન થયું ત્યારે નિધન પામનાર ભારતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા હતા. માયાવતી ઉત્તર પ્રદેશ જ નહીં પણ દેશમાં પ્રથમ દલિત મહિલા મુખ્યમંત્રી છે. માયાવતી ૧૯૮૯માં બસપામાંથી સંસદમાં ચૂંટાયા હતા. ૧૯૯૫માં તેઓ અલ્પજીવી ગઠબંધન સરકારમાં પ્રથમ વખત મુખ્યમંત્રી બન્યા હતા. ત્યાર બાદ તેમણે વધુ બે ટૂંકાગાળાના શપથ લીધા હતા અને ૨૦૦૭માં મુખ્યમંત્રી બન્યા ત્યારે પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો હતો. રાજિન્દર કૌર ભટ્ટલ પંજાબમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યાં હતા. હરચરણ સિંહ બ્રારના રાજીનામા પછી ૧૯૯૬ માં શપથ લેનારાં ભટ્ટલે એક વર્ષ સુધી મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી, ભટ્ટલ ૨૦૦૪ થી ૨૦૦૭ ની વચ્ચે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હતાં. રાબડીદેવી બિહારના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા હતા. ઘાસચારા કૌભાંડ કેસમાં લાલુ પ્રસાદ યાદવની સામે ધરપકડ વોરંટ જારી કરવામાં આવતા તેમને રાજીનામું આપવાની ફરજ પડી ત્યારે રાબડીદેવીએ મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા, રાબડીદેવી પણ બે વાર મુખ્યમંત્રી બન્યાં. સુષ્મા સ્વરાજ અને શીલા દીક્ષિતની વાત આપણે કરી ચૂક્યાં છીએ. સુષ્મા ભાજપનાં પહેલાં મહિલા મુખ્યમંત્રી હતાં. ભાજપમાંથી ઉમા ભારતી મધ્ય પ્રદેશના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા હતા. ૨૦૦૩માં તેમના નેતૃત્વમાં ભાજપે વિધાનસભાની ચૂંટણીમાં જંગી વિજય મેળવતાં તેમણે શપથ લીધા હતા. ૧૯૯૪ના હુબલી રમખાણોના કેસમાં તેમની સામે ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યા બાદ એક વર્ષમાં જ તેમણે રાજીનામું આપવું પડ્યું હતું. વસુંધરા રાજે ૨૦૦૩ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો વિજય થયો ત્યારે રાજસ્થાનના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા હતા. એ પછી ૨૦૧૩માં ફરી મુખ્યમંત્રી બન્યાં હતાં. મમતા બેનરજી સૌથી લાંબો સમય સુધી સત્તા ભોગવનારી સામ્યવાદી સરકાર કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્ક્સવાદી)ના ૩૪ વર્ષના શાસનનો અંત આણીને ૨૦૧૧માં પશ્ચિમ બંગાળના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા હતા અને હજુ ચાલુ છે. નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં ભારતના વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા દિલ્હી ગયા હતા ત્યારે આનંદીબેન પટેલ ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી બન્યા હતા. આનંદીબેન પટેલે બે વર્ષ સુધી આ પદ પર સેવા આપી હતી અને બાદમાં રાજીનામું આપ્યું હતું. ૨૦૧૬માં મુફ્તી મોહમ્મદ સઈદના નિધન પછી તેમના દીકરી મહેબૂબા મુફ્તી ભાજપ સાથે જોડાણ કરીને મુખ્યમંત્રી બન્યાં હતાં. મહેબૂબા માત્ર બે વર્ષ જ મુખ્યમંત્રીપદે રહ્યાં હતાં.

દેશનાં મહિલા મુખ્યમંત્રીઓની યાદીમાં હવે આતિશીનું નામ ઉમેરાયું છે.

■ sanjogpurti@gmail.com

# તો આજે અમેરિકા ઇંગ્લેન્ડનો એક ભાગ હોત...

પોતાનાઓને જ જ્યારે પોતાના ગણવામાં આવતા નથી ત્યારે આવું થાય છે. કશુક ધાર્યા બહારનું થાય છે. અમેરિકન ઔપચારિક દસ્તાવેજનો મુસદ્દો તૈયાર કરવા માટે થોમસ જેફરસન, જ્હોન એડમ્સ અને બેન્જામિન ફ્રેન્કલિન સહિતની સમિતિની નિમણૂક કરી. ૪ જુલાઈ, ૧૭૭૬ના રોજ, અનેક સુધારાઓ પછી, કોન્ટિનેંટલ કોંગ્રેસે સ્વતંત્રતાની ઘોષણાનું અંતિમ સંસ્કરણ અપનાવ્યું, જેમાં વસાહતોના સ્વ-શાસનના અધિકાર પર ભાર મૂકવામાં આવ્યો હતો અને બ્રિટિશ ક્રાઉન સામે ફરિયાદોની શ્રેણીબદ્ધ યાદી હતી. આ દસ્તાવેજ ગ્રેટ બ્રિટન સાથેના ઔપચારિક વિરામ અને સ્વતંત્ર યુનાઈટેડ સ્ટેટ્સની સ્થાપનાનું પ્રતીક છે. સ્વતંત્રતાની ઘોષણા પર હસ્તાક્ષર થયા પછી અમેરિકન ક્રાંતિ ચાલુ રહી, જે ૧૭૮૩ માં પેરિસની સંધિ પર હસ્તાક્ષર સુધી ટકી રહી, જેણે યુનાઈટેડ સ્ટેટ્સને એક સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે સત્તાવાર રીતે માન્યતા આપી. યુદ્ધ નોંધપાત્ર લડાઈઓ દ્વારા ચિહ્નિત થયેલ હતું, જેમાં સારાટોગાનું યુદ્ધ, જેણે ફ્રાન્સને અમેરિકનોની બાજુમાં રહીને યુદ્ધમાં પ્રવેશવા માટે રાજી કર્યું, અને યોર્કટાઉનનું યુદ્ધ, જ્યાં બ્રિટિશ જનરલ કોર્નવોલિસે શરણાગતિ સ્વીકારી, યુદ્ધને અસરકારક રીતે સમાપ્ત કર્યું. અમેરિકન સ્વતંત્રતા એ અમેરિકન ઈતિહાસમાં મુખ્ય ક્ષણનું પ્રતિનિધિત્વ કરે છે અને દર વર્ષે ૪થી જુલાઈના રોજ સ્વતંત્રતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. તે લોકશાહી પ્રજાસત્તાકની સ્થાપના તરફની દેશની યાત્રાની શરૂઆત અને સિદ્ધાંતોને આકાર આપે છે જે આગામી વર્ષોમાં રાષ્ટ્રને માર્ગદર્શન આપશે. સૌથી મહત્વની વાત તો એ હતી કે અમેરિકાની અંદર રહેતા અંગ્રેજોને જ અંગ્રેજ ગણવામાં આવતા નહોતા જો તેમની સાથે ભેદભાવ ન થયો હોય તો આજે પણ અમેરિકા ઈંગ્લેન્ડનો એક ભાગ ગણાતો હોત. પોતાનાઓને જ જ્યારે પોતાના ગણવામાં આવતા નથી ત્યારે આવું થાય છે. કશુક ધાર્યા બહારનું થાય છે..



સ્વતંત્રતાનો માર્ગ બ્રિટિશ શાસન સાથે અમેરિકન વસાહતીઓનો અસંતોષ શરૂ થયો, પ્રતિનિધિત્વ વિના કરવેરા, સ્વ-શાસનનો અભાવ અને વસાહતોમાં બ્રિટિશ સૈનિકોની હાજરી જેવા મુદ્દાઓ પર તણાવ ઉભો થયો હતો. વસાહતીઓને લાગ્યું કે અંગ્રેજી પ્રજા તરીકેના તેમના અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે, તેમને બ્રિટિશ ગણવામાં નહોતા આવતા. જેના કારણે વ્યાપક પ્રતિકાર અને વિરોધ થયો. ૧૭૭૪ માં ફરિયાદોની ચર્ચા કરવા અને વધતા સંઘર્ષના ઉકેલોની દરખાસ્ત કરવા માટે પ્રથમ કોન્ટિનેંટલ કોંગ્રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ જેમ બ્રિટિશ વસાહતો પર નિયંત્રણ સ્થાપિત કરવાના પ્રયાસો તીવ્ર બન્યા, તેમ કોંગ્રેસે સંભવિત આક્રમણ સામે રક્ષણ આપવા માટે બ્રિટિશ માલસામાનનો બહિષ્કાર અને સંગઠિત લશ્કરી દળોનું આહ્‌વાન કર્યું. એપ્રિલ ૧૭૭૫માં લેક્સિંગ્ટન અને કોનકોર્ડ ખાતે બ્રિટિશ સૈનિકો અને વસાહતી સૈનિકો વચ્ચે લડાઈ શરૂ થઈ ત્યારે પરિસ્થિતિ વધુ વણસી ગઈ. આ ઘટનાને ઘણીવાર અમેરિકન ક્રાંતિકારી યુદ્ધની શરૂઆત માનવામાં આવે છે, જો કે સ્વતંત્રતાની ઈચ્છા હજુ સુધી સ્પષ્ટપણે જણાવવામાં આવી ન હતી. પછીના વર્ષમાં, વસાહતો યુદ્ધ માટે એકત્ર થઈ અને જનરલ જ્યોર્જ વોશિંગ્ટનના આદેશ હેઠળ કોન્ટિનેંટલ આર્મીની સ્થાપના કરી. જૂન ૧૭૭૬માં, કોંગ્રેસે સ્વતંત્રતા જાહેર કરતા

**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા

■ naranbaraiya277@gmail.com

# સ્વચ્છતા હી સેવા : રાષ્ટ્ર ધર્મ





સ્વચ્છતા એ આપણા રાષ્ટ્રની ઓળખ છે. આજે કુદકે ને ભૂસકે વસ્તી વધારો થઈ રહ્યો છે. તેવા સમયે પ્રદૂષણ પણ વધે ત્યારે પ્રજામાં સ્વચ્છતાના ગુણો કેળવાય તે માટે અવરનેસ ઊભી કરવી એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે. ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ ચાન્સેલર ઈશ્વરભાઈ પટેલના શબ્દોમાં કહીએ તો “જાહેર શૌચાલય એ સ્વર્ગ પરનું નરક છે.” સ્વચ્છતા ત્યાં પ્રભુતા આ વાક્ય એ બાબતનો નિર્દેશ કરે છે કે આપણે જે ઘરમાં,ગામમાં, શહેરમાં, રાજ્યમાં કે દેશમાં રહીએ છીએ તો સ્વચ્છતા રાખવી તે આપણી ફરજ છે. પ્લાસ્ટિક મુક્ત દેશ બનાવવા સૌ નાગરિકોએ સંકલ્પબદ્ધ બનવાની જરૂર છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા એક નાગરિક ઘોષણાપત્ર બહાર પાડવામાં આવ્યું છે જેમાં નાગરિકોએ પ્લાસ્ટિકની કોઈપણ વસ્તુ ખરીદવી નહીં. જેમકે પ્લાસ્ટિકની બેગ, બોટલ કે શાકભાજી ખરીદવા માટે પ્લાસ્ટિકના ઝભલા લેવા નહીં. તેની જગ્યાએ આપણે ખાદી અથવા તો કાપડની થેલીનો ઉપયોગ કરીએ જેથી ભારત પ્લાસ્ટિક મુક્ત દેશ બની શકે. પ્લાસ્ટિકથી પર્યાવરણમાં ખૂબ મોટી ખલેલ પડે છે અને પ્રદૂષણ વધે છે. પર્યાવરણનું જતન કરવા માટે સૌ સંસ્થાઓએ આ બાબતે જાગૃતિ કેળવવા આગળ આવવું પડશે. આરએસએસ દ્વારા જે વિચાર સમાજ સમક્ષ મૂકવામાં આવ્યો છે તે અત્યંત જરૂરી છે. ચાના ગ્લાસ પ્લાસ્ટિકના હોય છે તેની જગ્યાએ સ્ટીલ, પિત્તળના અથવા તો માટીના ગ્લાસમાં ચા પીવી જોઈએ. જમવાનું પ્લાસ્ટિકની બેગમાં પેકિંગ થઈને આવતું હોય છે તેવા ભોજનનો ત્યાગ કરવો જોઈએ. આજની યુવા જનરેશન મોટાભાગે ફરસાણના પડીકા ખાય છે તે પડીકા પ્લાસ્ટિકના હોય છે. જેમાં અનેક પ્રકારના ઝેરી કેમિકલ હોય છે. આ બધી બાબતો વિશે યુવા પેઢીમાં અવેરનેસ લાવી પડશે. શાકભાજી ખરીદનાર મહિલાઓને વિનંતી કે ઘરેથી કપડાની થેલી લઈને અચૂક જાય. પ્લાસ્ટિકની માગ કરે જ નહીં જેથી તેનો ઉપયોગ ઘટી જાય. આ બધી બાબતો સમાજમાં અચૂક લાવવાની જરૂર છે. હલકી કક્ષાના પ્લાસ્ટિક નિર્માણ કરતા ઉદ્યોગો ઉપર સરકારે નિયંત્રણ મૂકવાની જરૂર છે. પ્લાસ્ટિક પ્રતિબંધ હોવો જોઈએ મૂળથી સુધારો લાવવો પડશે તો જ સમાજમાં તેની સારી અસર વર્તાશે. દેશના આદરણીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ઘર ઘર સ્વચ્છતા અભિગમને સાકાર કરવા કટિબદ્ધ છે. કચરો કચરાપેટીમાં નાખો, પ્રદૂષણ મુક્ત ભારત બનાવવું હોય તો દરેક નાગરિકોએ સ્વચ્છતાના ખ્યાલોને સાકાર કરવા પડશે. સૌથી અગત્યની બાબત શૈક્ષણિક સંસ્થાઓમાં ભણતા વિદ્યાર્થીઓમાં સ્વચ્છતાના ખ્યાલો કેળવાય તે માટે સ્વચ્છતા અભિયાન સપ્તાહ ચાલી રહ્યો છે તેવા સમયે શાળાના આચાર્યથી માંડીને શિક્ષક મિત્રોએ આ અભિયાનને ચિત્રો, પ્રતીકો, સાફ-સફાઈ ઝુંબેશ તેમજ તેના ગેરલાભ વગેરે જણાવી પર્યાવરણના સંરક્ષણ માટે જાગૃતિ કેળવવા અને પ્રદૂષણ મુક્ત ભારત બનાવવા માટે સતત પ્રયત્ન કરવાની જરૂર છે. ૨ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી છે. સ્વચ્છ ભારત દિવસ નિમિત્તે, આ દિવસે આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (એમઓએચયુએ) અને પેયજલ અને સ્વચ્છતા વિભાગ, જલ શક્તિ મંત્રાલય દ્વારા સ્વચ્છતાનું આયોજન કરવામાં આવ્યું છે. લાંબા સ્વચ્છતા અભિયાનનું આ પખવાડિયુ દેશમાં હવાની જેમ વ્યાપી જશે, કારણ કે દરેક વ્યક્તિ મોટા પાયે સફાઈ ઝુંબેશ અને ’ટ્વિન બિન’ અને સ્ત્રોતને અલગ પાડવા માટે જાગૃતિની નવીન અને અનન્ય પદ્ધતિઓ સાથે કચરા સામે લડશે. એસએચએસ ૨૦૨૪ના ભાગરૂપે, ભારત સરકારના તમામ મંત્રાલયો, પીએસયુ, રાજ્ય સરકારો અને સ્થાનિક સંસ્થાઓ વિવિધ સ્થળોએ મોટા પાયે સ્વચ્છતા અભિયાનનું આયોજન કરશે. આ આંતર-ક્ષેત્રીય પ્રવૃત્તિઓમાં પ્રવાસન મંત્રાલય હેઠળ ઉચ્ચ સ્તરીય પ્રવાસન સ્થળો/યાત્રાધામોની સફાઈ, રેલવે દ્વારા રેલવે પ્લેટફોર્મ અને તેની આસપાસના વિસ્તારોમાં ’હર પથારી સાફ સુથારી’ સ્વચ્છતા પ્રવૃત્તિઓ, ઉચ્ચ શિક્ષણ અને શાળા શિક્ષણ વિભાગ દ્વારા યુનિવર્સિટીઓ અને શાળાના વિદ્યાર્થીઓને એસએચએસની પ્રવૃત્તિઓ માટે સામેલ કરવામાં આવશે, જ્યારે સીએનજી, પેટ્રોલ પંપો વગેરે પર સ્વચ્છતા અને જાગૃતિ અભિયાનનું આયોજન કરશે. ભારત સ્વચ્છતા લીગ’ રાષ્ટ્રને સ્વચ્છ બનાવવા માટે તૈયાર છે. યુવાનોની આગેવાની હેઠળ, આઈએસએલની સિઝન ૨ વધુ ઉત્તેજક અને મનોરંજક સ્વચ્છતા લીગ બનવાનું વચન આપે છે. ૧૭ શહેરની ૪,૦૦૦થી વધુ ટીમો કચરા સામેની લડાઈ જીતવા માટે તૈયાર છે. યુવાનોની આગેવાની હેઠળની નાગરિક ટીમો દ્વારા સપ્ટેમ્બર માસમાં આ વર્ષે, શહેરની ટીમો દરિયાકિનારા, ટેકરીઓ અને પર્યટન સ્થળોની સફાઈ માટે રેલી કાઢશે. આઈએસએલ ૨.૦ આ પખવાડિયામાં સ્વચ્છતા માટે સતત આગેવાની લેવા માટે યુવા જૂથોને સ્કેલ પર એકત્રિત કરશે. સ્વચ્છતા લીગ સ્વચ્છ ભારત મિશન હેઠળ યુવાનોની કામગીરી માટે ઉત્પ્રેરક તરીકે કામ કરશે. સફાઈમિત્ર સુરક્ષા શિબિર જ્યારે આપણે સ્વચ્છ ભારત મિશન – શહેરી અને એસબીએમ-યુ ૨.૦ના બે વર્ષ પૂર્ણ કરી રહ્યા છીએ અને મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ, ત્યારે સિંગલ વિન્ડો વેલ્ફેર કેમ્પના રૂપમાં સફાઈમિત્ર સુરક્ષા શિબિર ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ થી દેશભરના વિવિધ શહેરો દ્વારા આયોજિત કરવામાં આવી હતી. આ શિબિરનો હેતુ સફાઈ કામદારો અને તેમના આશ્રિતો માટે કલ્યાણકારી યોજનાઓને સંતૃપ્ત કરવાનો અને તેમની સુખાકારી અને જીવનની ગુણવત્તામાં સુધારો કરવાનો છે. આ શિબિરનો ઉદ્દેશ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (એસડબલ્યુએમ) અને યુઝ્‌ડ વોટર મેનેજમેન્ટ (યુડબલ્યુએમ)માં તમામ સફાઈ કામદારોને નિશાન બનાવવાનો છે. મુખ્ય પ્રવૃત્તિઓ જનજાગૃતિ, નિવારણાત્મક સ્વાસ્થ્ય તપાસણી, યોગ શિબિર તથા વિવિધ મંત્રાલયો સાથે સમન્વય કરીને કેન્દ્ર અને રાજ્યની યોજનાઓનાં વિવિધ કલ્યાણકારી લાભોનાં અધિકારોને વિસ્તૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ સંતૃપ્તિ અભિગમ કલ્યાણકારી યોજનાઓના વહીવટ માટે સલામતી, સુખાકારીમાં વધારો કરવામાં મદદ મળશે અને સફાઈ કામદારોને સામાજિક સુરક્ષા પૂરી પાડવામાં મદદ મળશે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગુજરાતમાં હર ઘર સ્વચ્છતા અભિગમ થકી જન આંદોલન વ્યાપક બનાવવા પડશે. કચરો કચરાપેટીમાં જ નાખવાનો હોય, આ બાબત વિશે જાગૃતિ લાવવી પડશે. આજે પ્લાસ્ટિકની બોટલ અને મસાલાના વેપર ગામડે ગામડે ઢગલો રોડ ઉપર અને અવાવરું જગ્યા ઉપર જોવા મળે છે. પાન, પડીકી અને મસાલા ખનારા લોકો પર પ્રતિબંધ મૂકવાની જરૂર છે. જ્યાં ત્યાં માતાજીના ફોટા લગાવ્યા હોય ત્યાં પણ પાનની પિચકારી મારે છે. આવા લોકો કેન્સરના ભોગ બને ત્યારે બધો જ નશો ઉતરી જાય છે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત પ્રદૂષણ મુક્ત ગુજરાત બનાવવા માટે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં જનજાગૃતિ આવે તે માટે પ્લાસ્ટિક ઉપર સદંતર પ્રતિબંધ, પ્લાસ્ટિક ઉત્પાદન કરતા એકમો ઉપર સરકાર દ્વારા અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા લાયસન્સ રદ કરી તે એકમને બંધ કરવાની જરૂર છે. જેથી નિર્માણ જ નહીં થાય તો સમાજ સુધી પહોંચશે જ કઈ રીતે? સરકારી કચેરીઓમાં બેફામ ગંદકી હોય છે. તેના શૌચાલય ખદબદી ગયેલા હોય છે ત્યારે ત્યાં ઊભા રહેવાનું મન ના થાય તેવી જગ્યાને સ્વચ્છ કરવાની જવાબદારી જે તે અધિકારીની ફિક્સ કરવાની જરૂર છે. મોટાભાગે સીસીટીવી કેમેરા થકી તેનું વિઝન અને મિશન બંનેને કેન્દ્રસ્થાને રાખી પ્રદૂષણ કરતાં તેમજ કચરો નાખનાર બંનેને કડક સજા કરવા સિવાય કોઈ રસ્તો નથી. રોડ ઉપર ગાયો એટલી બધી બેઠેલી હોય છે કે ગાડી કઈ રીતે ચલાવવી? સીસીટીવી કેમેરામાં નગરપાલિકા અને મહાનગરપાલિકા જોતી હોય છે તો તેમના કમિશનર ઉપર અથવા તો ચીફ ઓફિસર ઉપર કેમ એક્શન લેવાતા નથી. જ્યાં સુધી જવાબદારી ફિક્સ નહીં થાય ત્યાં સુધી ભેળસેળ વાળું ફરસાણ અને બેફામ દારૂ વેચાણ, પ્લાસ્ટિકની થેલીમાં તમામ વસ્તુઓ મળશે. કાયદો કરી દેવાથી કશું જ નહીં થાય તેના માટે એક્શન લેવા પડશે. નાગરિકોમાં એક મેસેજ તો જવો જ જોઈએ કે મારે પડીકી ખાઈને રોડ ઉપર ના રખાય. આ બધી અવેરનેસ લાવવા સૌ નાગરિકો પ્રયાસ કરે તો જ સ્વચ્છતા કેળવાશે... જય હિન્દ... વંદે માતરમ ■



**સામાજિક અને શૈક્ષણિક**
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)

Mo.9825702282

# હૃદયરોગ, મધુપ્રમેહ, સ્થૂળતા વિષે માહિતી અને આહાર વ્યવસ્થા





વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

શરીરમાં જરૂરિયાત કરતાં વધારે પડતી ચરબીના થર જામે તેવી વ્યક્તિને સ્થૂળકાય કહી શકાય. સામાન્ય રીતે આપણે આ સ્થિતિને ગંભીર ગણતા નથી. હા, કેટલાક લોકોને આ બેડોળપણું ગમતું નથી તો કેટલાકની રમતગમત અથવા તો અન્ય કાર્ય કરવાની ક્ષમતા ઘટે છે તેવું લાગે છે. પરંતુ આટલેથી વાત અટકતી નથી.

જીવન વિમા નિગમના સર્વેક્ષણથી એવું ફલિત થયેલ છે કે સ્થૂળકાય વ્યક્તિઓની જીવનરેખા સામાન્ય વ્યક્તિઓ કરતાં ટૂંકી હોય છે. કારણ કે મેદસ્વી વ્યક્તિઓમાં હૃદયરોગ અને મધુપ્રમેહ જેવા રોગનો ભોગ બનવાની શક્યતાઓ વધારે હોય છે અને આથી જ જાડી અથવા સ્થૂળકાય વ્યક્તિઓમાં મોતનું પ્રમાણ વધારે જોવામાં આવે છે.

આ ઉપરાંત આવી વ્યક્તિઓમાં કોઈપણ પ્રકારની શસ્ત્રક્રિયા, પ્રસૂતિ અથવા બાળજન્મ ભયજનક નીવડતાં હોય છે. એટલું જ નહીં પણ શ્વસનતંત્ર ઉપર ચરબીના થતાં વધારે પડતા દબાણથી શ્વાસોચ્છવાસની ક્રિયા પર પણ અવળી અસર થાય છે.

સ્થૂળતાનાં પરિણામો જાણ્યા બાદ સ્વાભાવિક રીતે આપણને તેનાં કારણો અને યોગ્ય સારવાર વિશે જાણવાની ઈચ્છા થાય. પણ આ જાણતાં પહેલાં એ જાણવું જરૂરી છે કે જાડો માણસ કોને કહેવાય ? હકીકતમાં તો તેના શરીરમાં કેટલી ચરબી છે તેના પરથી સ્થૂળતાનું નિદાન કરી શકાય. પરંતુ આ સહેલું નથી. સામાન્યતઃ શરીરના વજનની સરખામણીથી વ્યક્તિ ખરેખર સ્થૂળકાય છે કે નહીં તે કહી શકાય. જો કોઈપણ વ્યક્તિની ઉંમર અને ઉંચાઈ પ્રમાણે તેનું જે વજન હોવું જોઈએ તેના કરતાં ૨૦ ટકા વધારે વજન હોય તો તેને સ્થૂળકાય કહી શકાય. દા.ત. વ્યક્તિનું આદર્શ વજન ૪૫ કિલોગ્રામ હોવું જોઈએ તેને બદલે જો વ્યક્તિનું વજન ૫૫ કિલોગ્રામ હોય તો તેને સ્થૂળકાય કહી શકાય. જે વ્યક્તિનું વજન આદર્શ વજન કરતાં ૧૦ થી ૨૦ ટકા વધારે હોય તેવી વ્યક્તિને સ્થૂળકાય કહેવાને બદલે વધુ વજનવાળી વ્યક્તિ કહી શકાય.

| Height (cm) | Weight (kg) | Overweight limit (+ 20%) (kg) |
|---|---|---|
| 148 | 46.5 | 56.0 |
| 152 | 48.5 | 58.0 |
| 156 | 50.5 | 60.5 |
| 160 | 52.5 | 63.0 |
| 164 | 55.0 | 66.0 |
| 168 | 58.0 | 69.5 |
| 172 | 60.5 | 72.5 |
| 176 | 66.0 | 77.0 |
| 180 | 67.0 | 80.5 |
| 184 | 70.5 | 84.5 |
| 188 | 74.0 | 89.0 |

કોઠો 21.2 પુરુષની ઊંચાઈ પ્રમાણે વજન

| Height (cm) | Weight (kg) | Overweight limit (+ 20%) (kg) |
|---|---|---|
| 148 | 47.5 | 57.0 |
| 152 | 49.0 | 59.0 |
| 156 | 51.5 | 62.0 |
| 160 | 53.5 | 64.0 |
| 164 | 56.0 | 67.0 |
| 168 | 59.0 | 71.0 |
| 172 | 62.0 | 74.5 |
| 176 | 65.5 | 74.5 |
| 180 | 68.5 | 82.0 |
| 184 | 72.0 | 86.5 |
| 188 | 75.5 | 90.5 |
| 190 | 77.5 | 93.0 |

આદર્શ વજન કોને કહી શકાય ? સામાન્યતઃ તંદુરસ્ત વ્યક્તિના શરીર બંધારણ અને ઊંચાઈ પ્રમાણે તેનું સરેરાશ વજન હોવું જોઈએ. તે વજન ધરાવતો હોય તેને આદર્શ વજન કહી શકાય. જીવન વીમા નિગમે સ્ત્રી અને પુરુષ માટે ૨૫ વર્ષની ઉંમર પછી ઊંચાઈ અને ઉંમર પ્રમાણે જે પ્રમાણસર વજન હોવું જોઈએ તેના કોઠા બનાવેલ છે. આ કોઠાનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે તંદુરસ્ત વ્યક્તિ તેના શરીર બંધારણ અને ઊંચાઈ પ્રમાણે ૨૫ વર્ષે જે વજન ધરાવતો હોય તે પ્રૌઢાવસ્થા સુધી પણ એ જ વજન બતાવે. (ક્રમશઃ) ■

hemangidmehta@gmail.com

# અરે મને કોઠામાં હાહ હમાતો નથી




"બોસ ,બોસ ,બોસ !"

"બોલને બકા."

"અરે મને કોઠામાં હાહ હમાતો નથી અને તમે હાવ નીરાંતે બેઠા છો !?"

"પણ, થયું શું ? નવું યુધ્ધ ચાલુ થયું? "

"ના , હવે હજી કેટલાં યુધ્ધ ચાલું કરવાં છે ?"

"તો પછી ચાલુ યુધ્ધ બંધ થઈ ગયા ? મોદી વાંહે પડ્યા છે, એટલે કાંઈક તો થાહે જ."

"ના ભઈ ના. એવું કાંઈ થયું નથ અને આપણને એવી વાતમાં રસે 'ય નથ."

"તો પછી, થયું છે શું? પેટ્રોલ/ ડીઝલના ભાવ ઘટી ગયા? સોનુ સસ્તું થઈ ગયું? ગેસનો બાટલો મફત મળવા લાગ્યો? કે પછી, ઓલી ખીચડી સરકાર આવી ગઈ !??"

"હવે આવું બધું તો સપને 'ય થવાનું નથ."

"તો પછી, બકા મને નાની નાની વાતોમાં રસે 'ય નથી."


લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

"અરે..! આ નાની વાત નથી. કરોડોનો મામલો છે."

"તો પછી બોલને બકા. શું વાવડ લાવ્યો છો ? "

"આ ભગવાને આવો હારો સંસાર બનાવ્યો. પતિ/ પત્ની, છોકરાં/ છોકરી. ગાડી, બંગલા અને પૈસા.

છતાંય માણહ સંસાર કેમ છોડી દેતો હશે?"

"ભગવાનને ભજવાં. બીજું શું હોય !? ઘરે આ બધાની માયા લાગે. એટલે માયા છોડીને માળા જપવા સંસારી માણહથી આઘા જાય.

અને કદાચ..! તો જ ભગવાન મળતા હશે."

"અરે.. બોસ ! ન્યાજ તમે રોંગ હાલો છો. મને તમે એમ ક્યોં કે, આપણાં ક્યા ભગવાને સંસાર છોડ્યો છે? રામ, કૃષ્ણ કે શિવ બધા સંસારી હતા કે નહીં!!"

"હા પણ એનું અત્યારે શું છે? એને તો હજારો વરહ થઈ ગયાં અને આજ તું અચાનક જ્ઞાની ક્યાંથી થઈ ગયો. તારામાં જ્ઞાનના કોટા ફૂટવા લાગ્યા છે. આ બધું ક્યાંથી?"

"થાવું પડે બોસ, થાવું પડે. નહીંતર આ દુનિયા આપણને જીવવા ના દે. કાળા ભેગો ધોળો બાંધે તો વાન ના આવે. પણ હાન તો આવેને."

"હવે મોંણ નાખ્યા વગર મૂળ વાત કર ને. વાત શું છે ? સો, બસો, પાંચસો છોડીને અચાનક કરોડોનો શબ્દ તારી પાહે આવ્યો ક્યાંથી?? અને એક કરોડમાં કેટલાં મીંડા આવે ઈ ખબર છે તને ?"

"મને એમ ક્યો બોસ કે, આ સફેદ કપડાંવાળા, પૈસાવાળાને ભગવાન પાહે જવું હોય તો એ કોની પાહે જાય ?"

"ભગવા કપડાંવાળા અને પૈસાનો મોહ મૂકી દીધો છે એની પાહે જાય ! બીજે ક્યાં?"

"આજ તો ગડમથલ છે બોસ."

"એવું ના હોય બકા! તને હમજણ ફેર લાગે છે.

એતો બધું સંસાર, મોહ, માયા, પૈસા છોડીને ભગવા ધારણ કરે છે. પૈસા હારે એને કાંઈ લેવાદેવા નથી હોતાં. ઈ ભલા અને એનો ભગવાન ભલો."

"તો પછી બોસ એમની પાહે કરોડો રૂપિયા આવે છે ક્યાંથી??"

"મેં એવું હાંભળ્યું છે કે, કાળા કલરના રૂપિયાને ધોળા કરવા લોકો આપી જાય છે."

"હું વાત કરો છો બોસ !? મને ખ્યાલ છે ત્યાં સુધી જૂની સરકારમાં કાળા કલરના રૂપિયા ચલણમાં નોતા અને નોટબંધી પછી મોદી સરકારે 'ય કાળા કલરના રૂપિયા બહાર પાડયા નથી.

અને નોટબંધી વખતે લોકો વાતું કરતા કે, કાળું નાણું ધોળું કરવા નોટબંધી કરી છે. તો ઘડીકમાં વળી પાછું કાળું નાણું આવ્યું કયાંથી??"

"બકા ! ઈ બધો અઘરા માણસોનો અઘરો જલેબી જેવો ખેલ છે.

આપણા જેવા સીધા માણસોને જલ્દી ના હમજાય. પણ..! તારી પાહે ક્યાં કાળું નાણું છે?"

"બોસ મારી પાહે તો ધોળું નાણું 'ય નથ."

"તો પછી મૂકને પડ્ પંચાત."

"હા પણ આપણે ભગવાન પાસે જવું હોય તો, એની પાહે જ જવું પડે ને !!"

"કેમ ? તું ઘરે ભગવાનને ના ભજી હકે !?"

"હાં પણ ઈ કહે છે ને કે, અમે ભગવાનના એજન્ટ છીએ. અમારી ન્યા લાગવગ છે. તો હેં બોસ આપણા જેવી લાગવગશાહી ન્યાય હશે??"

"તું આવ્યો ત્યારથી ગોળ ગોળ વાતું કરે છે. મૂળ વાત શું છે? ઈ બોલને બકા !!"

"હાં એલા ઈ તો રહી જ ગયું. કાખમાં છોકરું અને ગામ આખું ગાંડુ કર્યું. આ આ છાપું જૂઓ. તમને હંધૂય હમજાય જાહે. દિગંબર સાધુ ધોતી માટે બાજતા હોય એવું છે આમાં."

"લાવ તો વળી..! એવું મોટું શું આવ્યું છે?

અરે..બકા ! આ પૈસાની લડાઈ નથી. આ આશ્રમની લડાઈ નથી.કરોડો રૂપિયા તો એમને પસ્તી બરાબર અને આશ્રમો તો એમને ઝૂંપડી જેવાં. આ લડાઈ તો છાપાં વાળા અને ટીવી વાળાએ ઉભી કરેલ લડાઈ છે. બાકી ઈ તો હજીય ભગવાનનું ભજન જ કરે છે.

■ sanjogpurti@gmail.com

# વસ્ત્ર ખરીદી અને પસંદગી વખતે એ જાણવું જરૂરી છે કે....

# તમારો બોડી શેપ ક્યા પ્રકારનો છે ?



પ્લસ સાઈઝની યુવતીઓ કે મહિલાઓને વસ્ત્ર પસંદગી કરવાની વાત આવે એટલે એ કન્ફ્યૂઝ થતાં હોય છે. એનું મુખ્ય કારણ એ છે કે, પ્લસ સાઈઝની વ્યક્તિ જો થોડાં ખૂલતા વસ્ત્રો પહેરે તો પાતળી લાગે અને ચરબી છૂપાવી શકે અને જો વધુ પડતાં ખૂલતાં વસ્ત્રો પહેરે તો વધુ ફેટી લાગે અને વળી જો એકદમ ચૂસ્ત વસ્ત્રો પહેરે તો ચરબી હાઈટલાઈટ થઈને આવે એટલે પરફેક્ટ સાઈઝની સાથે ફિગરને યોગ્ય લાગે એવા વસ્ત્રો ખરીદવા જ યોગ્ય છે.

જો તમારે કન્ફર્ટની સાથે સ્ટાઈલીશ લુક જોઈતો હોય તો સૌથી પહેલાં તમારે તમારો બોડી શેપ કયા પ્રકારનો છે, એ જાણવુ જરૂરી છે.


જીવન તરંગ
જયસ્વી પટેલ

આપણે વ્યક્તિને ઉપરથી નીચે આંખથી જોતા હોઈએ છીએ એટલે તમારી બાજુનો જે ભાગ તમારે હાઈડ કરવો હોય અથવા એના પર જલ્દી ધ્યાન ન જાય એ માટે સામી વ્યકિતની આંખને ડિસ્ટ્રેક્ટ કરવી જરૂરી છે. એકવાર બોડી શેપ ખ્યાલ આવી જાય, એ પછી એના પર કેવાં વસ્ત્રો સૂટ થાય એ પણ જાણી લેવું જરૂરી છે. કેમકે, આજે ઘણાં ડિઝાઈનર પ્લસ સાઈઝ પર્સન માટે સરસ ફિટિંગના આકર્ષક ડ્રેસ બનાવે છે. દરેક યુવતી - મહિલાએ પોતાના બોડી શેપને સમજવો જરૂરી છે અને તો જ તેમના બોડી શેપ પર સૌથી વધુ કયો ડ્રેસ સારો લાગી શકશે એ તેમને સમજાશે.

ફેશન ઈન્ડસ્ટ્રીએ પ્લસ સાઈઝ બોડી શેપને ખાસ કરીને પાંચ પ્રકારમાં વિભાજીત કર્યો છે. પેર, એપલ, અવરગ્લાસ, ફિગર એઈટ અને રેકટેન્ગ્યુલર.

**પેર બોડી ટાઇપ**

આવી યુવતીઓની અપર બોડી કરતાં બોટમ વધુ હેવી દેખાતી હોય છે. પાતળી ડોકની સાથે તેના ખભા અને પીઠનો ભાગ સાંકડો હોય છે. બસ્ટ અને કમ મોટેભાગે મીડિયમ સાઈજના હોય છે, પણ થાઈ અને પગ ખાસ્સા ભરાવદાર હોય છે. આવી લેડીઝને ટ્રાયેન્ગલ શેપ પણ કહી શકાય. એટલે વસ્ત્રો ખરીદતી વખતે નેક લાઈનને ખાસ મહત્વ આપવું. સ્લિમ શોલ્ડર સાથે આકર્ષક નેકલાઈન હોય તો લોઅર બોડી ભણી જલ્દી કોઈનું ધ્યાન જશે નહીં. હોલ્ડર સ્ટપ્સ નેકલાઈન બેસ્ટ ગણાશે એમાં નેકની આસપાસ વીંટળાયેલા સ્ટ્રેપ કમ્ફર્ટ, સપોર્ટ અને સ્ટાઈલીશ લુક આપશે. સ્ટ્રેપલેસ અને સ્પેગેટી સ્ટ્રેપ ડિઝાઈન પણ પેર રોપ વુમન માટે અપીલિંગ રહેશે. એ ખભાને આકર્શક બનાવશે ને તમારી ઓવરઓલ સાઈઝ બેલેન્સ્ડ દેખાશે.

**એપલ બોડી ટાઇપ**

એપલ શેપ ફિગર બોલ જેવો ગોળ હોય છે. કમર પણ હિપ્સ અને શોલ્ડરની જેમ પહોળી હોય છે, ચહેરો, ડોક, બસ્ટ મોટેભાગે ભરાવદાર હોય છે. પહોળા અને ઢળેલા શોલ્ડર સાથે વેસ્ટલાઈન પણ વધુ હોય છે. એને ઊંધા ત્રિકોણ જેવો આકાર પણ કહી શકાય, જેમાં હિપ્સ અને પગ અપર બોડી કરતાં સાંકડા હોય છે. આવી યુવતી કે મહિલાઓનો ઘેરાવો અને મોટાભાગનું વજન અપર બોડી તેમજ પેટ પર દેખાય છે એટલે તેમણે હિપ્સ અને પગ આકર્ષક દેખાય એવા ડ્રેસ ખરીદવા જોઈએ. લાઈટ ફેબ્રિક એપલ ફિગર પર એલિગન્ટ લાગે છે, જયાં બોડીનો ઘેરાવો હોય ત્યાં કપડાં ચોંટે એવા કે સ્ટિફ અને કડક ન હોવાં જોઈએ ત્યાં ફલો હોવો જોઈએ એટલે કે કપડું બોડીથી છૂટું હોવું સારૂં લાગશે. પેટ પર લૂઝ ફિટિંગ લાગે એવા સિલ્ક અને કોટન ફેબ્રિક પહેરવાં બેટર રહેશે. પેટ કવર થઈ જાય અને ત્યાંથી ડ્રેસ થોડો લૂઝ હોય એનું ખાસ ધ્યાન રાખવું. કમર પર પ્લીટ્સ, ખિસ્સાં કે પાટલી હોય એવી સ્ટાઈલના ડ્રેસ ખાસ અવોઈડ કરવા.

**અવરગ્લાસ બોડી ટાઇપ**

અવરગ્લાસ બોડી ટાઈપ પ્લસ સાઈઝ યુવતીઓ કે મહિલાઓમાં સામાન્યપણે જોવા મળે છે. આવા ફિગરવાળી યુવતીઓનાં બસ્ટ મીડિયમથી લાર્જ સાઈઝનાં હોય છે અને હિપ્સ પણ સિમેટ્રીકલ હોય છે. બસ્ટ અને હિપ્સ બને બોડી કર્વ સામે કમર મોટે ભાગે દસ ઈંચ નાની હોય છે. આ ફિગર માટે બને એટલા ફિટિંગવાળા ડ્રેસ પહેરવાને કારણે પાતળી કમર પર વધુ ધ્યાન ખેંચાશે. રેપ ડ્રેસિસ, ટાઈ વેસ્ટ અને બેલ્ટેડ સ્ટાઈલનાં કલોથ તમારી વેસ્ટ લાઈનને ફોકસ કરશે. U કે V (યુ કે વી) નેક લાઈનને કારણે તમે લાંબા લાગશો. ઘૂટણ સુધીના કે ઘૂંટણથી થોડા લાંબા ડ્રેસ ઉપરાંત એ - લાઈન સ્કવડ સાથે સ્ટ્રકચર્ડ જેકેટ સોબર લાગશે.

**ફિગર એઇટ બોડી ટાઇપ**

બોડી શેપ પર ફોકસ કરતી વેળા યુવતીઓની હાઈટ પણ જોવાની હોય છે. ફિગર એઈટ બોડી ટાઈપે ડ્રેસની પસંદગી વખતે વધુ સતર્ક રહેવાની જરૂર છે. આવી યુવતીઓએ જાડા અને થર પર થર હોય એવા વસ્ત્રો અવોઈડ કરવાં જોઈએ. ડ્રેપ કરવા પડે એવા અને આડા પટ્ટાવાળા ડ્રેસ બિલકુલ પહેરવા જ નહીં. લૂઝ ફિટ સિલ્વેટ્સ પહેરો, નિટ્સ મટીરિયલ, હોઝિયરી જેવા ફેબ્રિકનો મોહ બને તો જતો કરો, તેમ છતાં પણ ઘણાંને એ ગમતાં હોય તો પોંચો, એ- લાઈન, ટયુનિક અને રેગલોન સ્લીવ્સ પર પસંદગી ઉતારવી એ ઉપરાંત વર્ટિકલ પેટર્ન અને ઊભી સ્ટ્રાઈપ્સને લીધે તમે પણ પાતળા અને ઊંચા લાગી શકો છો.

**રેકટેન્ગ્યુલવર બોડી ટાઇપ**

આ બોડી શેપમાં મહિલાઓના કુદરતી કર્વ ઓછાં હોય છે અથવા ખાસ હોતાં જ નથી. આખું ફિગર ડોક, બેક, એવરેજ બસ્ટ સાથે ઉપરથી નીચે સુધી બધું મોટેભાગે સીધું જ હોય છે. વેસ્ટ પણ અલગથી તરીને આવે એવી દેખાતી નથી અને હાથ - પગ સામાન્ય રીતે પાતળા હોય છે, 'એ' લાઈન ડ્રેસ સૌથી વધુ આકર્ષક લાગે છે. એની ફલેર તમારી બોડીને એક કર્વ આપવાનો આભાસ ઊભો કરે છે.■

sanjogpurti@gmail.com

# નદીના પાણીમાં રમવું છે!



"આ લીલા ને કૂણા ઘાસમાં તો હું રોજ રમું છું. હરુ છું, ફરું છું ને આનંદ કરું છું. પણ આ નદીના ખળખળ ખળખળ વહેતા પાણીમાં રમવા મળે તો કેવી મજા પડે!" - સ્વીટુ સસલું નદીના પાણીમાં રમવાના સ્વપ્ન જોવા લાગ્યું. પાણીમાં કૂદી પડવાની તાલાવેલી સાથે એ નદીકિનારે જાય ને પાછું વળે. એક વખત નદીના પાણીમાં રમવું જ એમ નક્કી કરી એ નદી તરફ દોડ્યું.

નદીકિનારે જાવું છે;
નદીના પાણીમાં રમવું છું;
ઠંડા પાણીમાં રમવું છે.

"આહાહાહા! કેવો ઠંડો ઠંડો પવન ફૂંકાય છે! કેવું ખળખળ ખળખળ પાણી વહી રહ્યું છે!" - એમ વિચારતાં વિચારતાં સ્વીટુ સસલું પાણીની નજીક પહોંચ્યું. "શશશ... કેટલું ઠંડુઠંડુ પાણી! ઠંડા હીમ જેવા પાણીથી સ્વીટુ થથરી ગયું. પાણીમાં રમવાની એને મજા પડી. એ તો...

આમ દોડે તેમ દોડે!
આમ કૂદે તેમ કૂદે!
આમ જાય તેમ જાય!
આમ રમે તેમ રમે!


રે વાર્તા!
મનીષ સુથાર

સ્વીટુને નદીના ઠંડાઠંડા પાણીમાં રમવાની મજા પડી. હવે તે અહીં રોજ પહોંચી જતું. હવે તો એ લીલા-લીલા ઘાસમાં રમે, કૂણુંકૂણું ઘાસ ખાય ને સરરરર કરતું દોડતું નદીકિનારે પહોંચી જાય.

નદીકિનારે જાય, પથ્થર પર બેસે ને પાણીમાં રમ્યા કરે. એક વખત નદીમાં પાણીનો પ્રવાહ વધી ગયો. સ્વીટુ જે પથ્થર પર બેસી રમતું હતું એ પથ્થર પણ થોડોથોડો ડૂબી ગયો હતો. દરરોજની એની ટેવ મુજબ સ્વીટુ લીલા-લીલા ઘાસમાં રમી, કૂણુંકૂણું ઘાસ ખાઈને નદીકિનારે પહોંચ્યું. એણે જોયું કે આજે નદીનું પાણી ઝડપથી વહી રહ્યું છે. જે પથ્થર પર બેસી એ રમતું હતું તે પથ્થર પણ ખાસ્સો ડૂબી ગયો હતો. પાણીમાં જાઉં કે ન જાઉં! જાઉં કે ન જાઉં! એમ વિચારતું વિચારતું સ્વીટુ ધીમેધીમે પાણીની નજીક પહોંચ્યું.

પણ સ્વીટુને પાણીમાં રમ્યા વિના જરાય ચાલે નહીં. એને થયું લાવને થોડું રમી લઉં! એમ વિચારતાં ધીમે રહીને એ પથ્થર પર ચડ્યું. એ તો પાણી સાથે રમવા લાગ્યું. રમવામાં એ એવું મશગૂલ થઈ ગયું કે ધીમેધીમે પાણી વધી રહ્યું છે એ ભૂલાઈ ગયું. એવામાં રમતાં રમતાં અચાનક તેનો પગ પથ્થર પરથી સરક્યો ને નદીના ધસમસતા પાણીમાં એ તણાવા લાગ્યું. ઊંચાનીચા વહેતા પાણીમાં સ્વીટુ સસલું જાય તણાતું, જાય તણાતું!

"બચાવો! બચાવો! કોઈ મને બચાવો!" - સ્વીટુ તણાતાં તણાતાં બૂમો પાડવા લાગ્યું. પણ આજુબાજુ કોઈ હતું નહીં કે એને બચાવી શકે. હવે તો એને લાગ્યું કે એ નદીમાં તણાઈ જ જશે. એટલામાં તણાતા સ્વીટુની બૂમો ત્યાંથી પસાર થતા હાથીએ સાંભળી. હાથી બૂમો સાંભળી તરત નદી તરફ દોડ્યો. એણે જોયું તો સ્વીટુ પાણીમાં તણાઈ રહ્યું હતું. હાથી તરત નદીકિનારે પહોંચ્યો અને એની લાંબી સૂંઢ પાણીમાં નાખી. સ્વીટુ તણાતું તણાતું જેવું સૂંઢ નજીક પહોંચ્યું કે તરત એણે હાથીની સૂંઢ પકડી લીધી. હાથીએ કહ્યું, "તું હવે જરાય ડરીશ નહીં. હવે હું છું! તું સૂંઢને મજબૂત રીતે પકડી રાખજે." સ્વીટુએ બરાબર સૂંઢને પકડી લીધી. ધીમે રહીને એણે સ્વીટુને પાણીમાંથી બહાર કાઢી લીધું. સ્વીટુ ડરી ગયું હતું. તે ધ્રૂજતું હતું. તે ઠંડીથી થથરી રહ્યું હતું.

"મને બચાવવા બદલ તમારો આભાર આભાર, હાથીભાઈ! આજે તમે ન હોત તો હું તણાઈ જાત!'' - સ્વીટુએ હાથીનો આભાર માનતાં કહ્યું. હાથીએ હસીને કહ્યું, "અરે સ્વીટુ! કોઈની મદદ કરવી એ તો આપણી ફરજ છે. તું જરાય ચિંતા ન કરીશ. ને હા, આમ નદીના ઊંડા પાણીમાં રમતાં ધ્યાન રાખજે." એમ કહેતાં હાથી ત્યાંથી ચાલતો થયો. સસલું પણ સડસડાટ દોડતું લીલા-લીલા ઘાસમાં જઈ રમવા લાગ્યું ને ગાવા લાગ્યું ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઇન્ડિયા ન્યૂઝ "પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

## ચિતલ સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા સંપન્ન

**સહકારી પ્રવૃત્તિમાં સામેલ થવા સહકારી અગ્રણી દિલીપ સંઘાણીની અપીલ**

અમરેલી, તા. ૨૪



અમરેલી તાલુકાનાં ચિતલ ગામે ચિતલ સેવા સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા સંપન્ન થઈ હતી. વાર્ષિક સાધારણ સભામાં સહકારી અગ્રણી દિલીપભાઈ સંઘાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દિલીપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે, સહકારી પ્રવૃત્તિ, વ્યવસાય અને ખેતી સાથે જોડાયેલ અભિન્ન અંગ છે. સહકાર, પશુપાલન, કૃષિ સહિતની પ્રવૃત્તિ દ્વારા ખેતી અને ખેડૂત વિકાસશીલ બની જાય છે. સહકારી પ્રવૃત્તિમાં સામેલ થવા અપીલ કરી હતી. જયેશભાઈ નાકરાણીનાં અધ્યક્ષસ્થાને યોજાયેલ વાર્ષિક સાધારણ સભામાં કૃષિ અને પશુપાલનની વિવિધ યોજનાઓનો બહોળો લાભ ઉઠાવવા જણાવ્યું હતું. આ તકે અશ્વિનભાઈ સાવલીયા, હિરેનભાઈ હિરપરા, સંજયભાઈ લીંબાસીયા, જગદીશભાઈ દેસાઈ સહિત સભાસદ ભાઈ-બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## મોટા માંડવડા ગામે વીજ ફોલ્ટ રિપેર કરતા બગસરાના વીજકર્મીનું મોત

બગસરા,તા.૨૪


તસવીર :હાર્દિક બામટા

બગસરા નજીક મોટા માંડવડા ગામમાં વીજ ફોલ્ટ રિપેર કરવા ગયેલા વીજ કંપનીના લાઈન ઈન્સ્પેક્ટરને ટીસી પર કામગીરી કરતી સમયે વીજ કરંટ લાગતા મોત નિપજ્યું હતું. વીજકર્મીના મોતના પગલે પીજીવીસીએલના કર્મચારીઓમાં શોકનો માહોલ છવાયો છે. અમરેલી જિલ્લામાં આવેલ બગસરા નજીક મોટા માંડવડા ગામના ગ્રાહકની ફરિયાદ મળતા પીજીવીસીએલના લાઈન ઈન્સ્પેક્ટર એન.જી.પરમાર ખેતીવાડી વિસ્તારમાં આવેલ ૧૧ કેવી લાઈનના ટીસીમાં કામ કરતા હતા આ દરમ્યાન શોક લાગતા ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. જેની જાણ થતાં આસપાસના ખેડૂતો સહિત લોકો દોડ્યા હતા. પીજીવીસીએલના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. મૃતક કર્મચારી એન.જી.પરમાર વડોદરા જિલ્લાના રહેવાસી હતા અને બગસરા પીજીવીસીએલ વિભાગમાં ફરજ બજાવતા હતા. ફરજ દરમિયાન વીજકર્મીનું મોત થતા પીજીવીસીએલના કર્મચારીઓમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

## બદલાપુર રેપ કેસ: એન્કાઉન્ટરની તપાસ સીઆઈડી કરશે

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૪



બદલાપુર રેપ કેસના આરોપીના એન્કાઉન્ટરને લઈને રાજકારણ ગરમાયું છે. વિપક્ષનો આરોપ છે કે મુખ્ય આરોપીઓને બચાવવા માટે એન્કાઉન્ટર કરવામાં આવ્યું હતું. સીએમ શિંદેએ કહ્યું છે કે પોલીસે સ્વબચાવમાં ગોળીબાર કર્યો હતો. જો કે અક્ષય શિંદે એન્કાઉન્ટરની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. થાણે પોલીસે ૮ સભ્યોની તપાસ સમિતિ બનાવી છે. થાણેના અધિક પોલીસ કમિશનર સમિતિના અધ્યક્ષ છે. કમિટીમાં ૨ ડેપ્યુટી કમિશનર, ૨ એસીપી અને ૨ ઈન્સ્પેક્ટરનો સમાવેશ થાય છે. અક્ષય શિંદે ગઈ કાલે પોલીસ એન્કાઉન્ટર દરમિયાન માર્યો ગયો હતો.

## અમરેલી નાગરિક સહકારી બેંક દ્વારા સભાસદનાં વારસદારને ૧ લાખની સહાય

**બેંકનાં ચેરમેન, ડિરેક્ટર સહિતનાઓની ઉપસ્થિતિ**

અમરેલી, તા.૨૪



અમરેલી નાગરિક સહકારી બેંક લી.નાં સભાસદનું આકસ્મિક અવસાન થતાં સભાસદ અકસ્માત વીમા સહાય યોજનામાં મૃત્યુ પામેલ સભાસદોનાં વારસદારોને બેંક તરફથી રૂા. ૧ લાખની સહાય આપવાની યોજના અન્વયે સભાસદ સ્વ.રાજુભાઈ વાલજીભાઈ મકવાણાનાં વારસદાર રમાબેન રાજુભાઈ મકવાણાને રૂા. ૧ લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ચેક અર્પણ કરતાં સમયે નાગરિક બેંકનાં ચેરમેન જયેશભાઈ નાકરાણી, એમ.ડી. શૈલેષભાઈ સંઘાણી, ડિરેક્ટર પી.પી. સોજીત્રા ખાસ હાજર રહ્યા હતા. અમરેલી નાગરિક સહકારી બેંકએ સભાસદ પ્રત્યે કુટુંબ ભાવના વ્યકત કરીને સભાસદો પ્રત્યેનું ઋણ અદા કરેલ છે. તેમ બેંક મેનેજર દિલીપભાઈ ધોરાજીયાની યાદીમાં જણાવાયું છે.

## ઉત્તરપ્રદેશમાં નકલી નોટોની દાણચોરીનો પર્દાફાશ, સપા નેતા સહિત ૧૦ની ધરપકડ

(એ.આર.એલ),લખનૌ,તા.૨૪

ઉત્તર પ્રદેશના કુશીનગરમાં નકલી નોટોનો વેપાર કરતી આંતરરાષ્ટ્રીય ગેંગનો પર્દાફાશ થયો છે. પોલીસે આ ગેંગના ૧૦ લોકોની ધરપકડ કરી છે. જેમાં સમાજવાદી પાર્ટીની લોહિયા વાહિનીના રાષ્ટ્રીય સચિવ રફી ખાન ઉર્ફે બબલુ ગેંગની પણ ધરપકડ કરવામાં આવી છે. તે આખી ગેંગનો માસ્ટર માઈન્ડ હોવાનું કહેવાય છે. તેમની પાસેથી ૫.૬૨ લાખ રૂપિયાની નકલી નોટો, ગેરકાયદેસર પિસ્તોલ અને કારતુસ પણ મળી આવ્યા છે. રફી ખાને નેપાળ-યુપી-બિહાર અને સરહદી વિસ્તારોમાં નકલી નોટોનો ધંધો કર્યો હતો. પોલીસે આ ગેંગના ૧૦ લોકોની ધરપકડ કરી છે. તેમની ઓળખ શેખ જમાલુદ્દીન, નિયાઝુદીન ઉર્ફે મુન્ના, રેહાન ખાન ઉર્ફે સદ્દામ, ઔરંગઝેબ, મોહમ્મદ રફી, નૌશાદ ખાન, પરવેઝ ઈલાહી ઉર્ફે કૌસર આફ્રિદી, મોહમ્મદ રફીક ઉર્ફે બબલુ ખાન, હાશિમ ખાન અને સિરાજ હાશમતી તરીકે કરવામાં આવી છે. આ કેસમાં હજુ ચાર આરોપીઓ ફરાર છે.

## ઉનામાં ગુમ, પડી કે ખોવાઈ ગયેલા ૧૮ મોબાઈલ શોધી મૂળ માલિકોને પરત કર્યા

ઉના, તા.૨૪


તસ્વીર : કૈલાશ ભટ્ટ

ઉનામાં ગુમ, પડી કે ખોવાઇ ગયેલા મોબાઈલની જાણ પોલીસમાં કરેલ હતી. ટેકનોલોજીની મદદથી પોલીસે ૧૮ મોબાઈલો શોધી કાઢયા હતા. તમામ મોબાઈલ કુલ કિં.રૂ. ૩.૫૮ લાખનો મુદામાલ મૂળ માલિકોને પરત કર્યો હતો. જૂનાગઢ રેન્જ ડી.આઈ.જી.પી. નિલેશ જાજડીયા, ગીર સોમનાથ જિલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહજી જાડેજા, નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ. ચૌધરી ઉના વિભાગના આદેશ તથા ઉના પોલીસ સ્ટેશન થાણા અધિ. પોલીસ ઈન્સ્પેકટર એમ. એન. રાણાની સૂચના મુજબ હાલના સમયમાં જાહેર જનતાના મોબાઈલો ગુમ થવાના કે પડી જવાના અથવા ખોવાઈ જવાના બનાવો વધુ પ્રમાણમાં બનતા હોય છે. જે અનુસંધાને જરૂરી કાર્યવાહી કરી અરજદારોને તેમના મોબાઈલ ફોન પરત આપવામાં આવ્યા હતા.

## આવતીકાલે મુખ્યમંત્રીનો રાજય સ્વાગત કાર્યક્રમ, નાગરિકોની રજૂઆત સાંભળશે

ગાંધીનગર,તા.૨૪



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્યના નાગરિકો, પ્રજાજનોની રજૂઆતો અને સમસ્યાઓના ઓનલાઈન નિવારણ માટેનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ ગુરૂવાર, તા. ૨૬ સપ્ટેમ્બરે બપોરે યોજાશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૩થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે દર મહિનાના ચોથા ગુરુવારે રાજ્ય સ્વાગત યોજવામાં આવે છે. આ ઉપક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં સપ્ટેમ્બર-૨૦૨૪નો રાજ્યકક્ષાનો સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૬મી સપ્ટેમ્બરે યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુરૂવારે ૨૬મી સપ્ટેમ્બરે બપોરે ૩-૩૦ વાગ્યે રાજ્ય સ્વાગતમાં ઉપસ્થિત રહેશે અને નાગરિકોની રજૂઆતો સાંભળશે. સામાન્ય નાગરિકો, અરજદારો આ સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર, તા. ૨૬મી સપ્ટેમ્બરે સવારે ૮-૩૦ થી ૧૧.૩૦ વાગ્યા સુધી મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ બપોરે ૩-૩૦ કલાકે મુખ્યમંત્રી કાર્યાલય જનસંપર્ક એકમમાં ઉપસ્થિત રહીને રજૂઆતો સાંભળશે.

## કુબડા ગામે ઝેરી દવા પીનારી યુવતીનું સારવારમાં મોત

ધારી, તા.૨૪

ધારીના કુબડા ગામે રહેતી એક યુવતીએ ઝેરી દવા પી જતાં સારવાર માટે ખસેડાઇ હતી. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. બનાવ અંગે રેખાબેન રમણીકભાઈ તળાવીયા (ઉ.વ.૪૬)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી વૈષ્ણીબેન રમણીકભાઈ તળાવીયા (ઉ.વ.૨૦) ૧૬/૦૯/૨૪ના રોજ સવારમાં ઉઠી તે વખતે પેટમાં દુ:ખતું હતું અને ત્યારબાદ જાહેરકરનાર સવારમાં આશરે આઠેક વાગ્યે સાફ-સફાઈ કરવા સારૂ ગામમાં ગયા હતા.

જે બાદ આશરે દસેક વાગ્યે ઘરે આવ્યા ત્યારે મરણજનાર બેભાન હાલતમાં પડ્યા હતા. જેથી સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ઝેરી દવા પીધી હોવાનું જણાવ્યું હતું. તેનું સારવાર દરમિયાન મોત થયું હતું. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી.સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે. ધારીના ગીગાસણ ગામે રહેતી એક યુવતીએ શરદી-તાવની દવાને બદલે ભૂલથી એસિડની બોટલમાંથી બે ઢાંકણા પી લેતા સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

## ધોરાજીનાં પાટણવાવ ગામે ભૂગર્ભ ગટરના કામનું ખાતમુહૂર્ત કરાયું

ધોરજી,તા.૨૪



ધોરાજી તાલુકાના પાટણવાવ ગામ ખાતે વિકાસ હેતુ સાથે ભૂગર્ભ ગટરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ અવસરે ગામનાં સરપંચ તેમજ ઉપસરપંચ નીતાબેન લક્કડ, સદસ્ય રતિભાઈ રૂપાપરા, વિનુભાઈ કનેરિયા અને પ્રવીણભાઈ યાદવ તથા ધ્રુવિકાબેન સહિત અધિકારી અને પદાધિકારી તથા ગામ લોકોની હાજરીમાં ૭૫૦૦ ફૂટ લંબાઈની ભૂગર્ભ ગટરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

## નાના ભમોદ્રા ગામના અમદાવાદમાં રહેતા લોકો દ્વારા સ્નેહમિલન યોજાયું

અમરેલી તા.૨૪


તસ્વીર : હરેશ પીપળીયા

અમરેલી જિલ્લાનાં સાવરકુંડલાના નાના ભમોદ્રા ગામના અમદાવાદ વસતા લોકો દ્વારા ૧૯ મો ઈનામ વિતરણ તથા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધો.૧ થી ૧૨માં અભ્યાસ કરતા તેજસ્વી તારલાઓને ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા. આ ઉપરાંત સ્નાતક કે વિશેષ સિદ્ધિ મેળવનારા વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દિનેશભાઈ બટુકભાઈ શ્યાણી અને ટીમે ખાસ જહેમત ઉઠાવી હતી. અરવિંદભાઈ રવજીભાઈ ખુંટ અને પરિવાર તરફથી ગામ લોકોને સ્વાદિષ્ટ ભોજન પીરસવામાં આવ્યુ હતું.

## ૨ મહિનાથી ગુમ કોડીનારના ગીર દેવળીના યુવાનને શોધવા મામલતદારને લેખિત રજૂઆત કરવામાં આવી

**મામલતદારને આવેદનપત્ર પાઠવીને તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી**

ઉના, તા.૨૪


તસ્વીર : કૈલાશ ભટ્ટ

કોડીનારના ગીર દેવળી ગામનો યુવાન છેલ્લા બે માસ ગુમ થયેલો હોય તેની આજ સુધી કોઈ ભાળ મળી નથી. જેથી યુવાનના પરિવારજનો ચિંતામાં મુકાયા છે. કોડીનાર તાલુકાના લોકોએ વિશાળ સંખ્યામાં એકઠા થઇ ગામના મુખ્ય રસ્તા પર વિશાળ રેલી કાઢી મામલતદારને લેખિત આવેદનપત્ર પાઠવી અને યુવાન અંગે તાત્કાલિક તપાસ કરવા માંગ કરી હતી. ગીર દેવળી ગામનો દિવ્યેશ નામનો યુવાન છેલ્લા ૨ મહિનાથી દીવ અને ચીખલી ગામ આસપાસથી ગાયબ થયો છે. તેની જાણ તેમનાં પરિવારજનો દ્વારા નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં કરાઈ હતી, પરંતુ આજ સુધી આ યુવાનની ભાળ નહિ મળતા કોડીનાર તાલુકાના લોકોએ વિશાળ સંખ્યામાં એકઠા થઈ રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર પાઠવીને તાત્કાલિક કાર્યવાહી કરવા માંગ કરી હતી.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કોડીનાર દ્વારા કૃષક સ્વર્ણ સમૃદ્ધિ કાર્યક્રમની ઉજવણી કરાઈ

કોડીનાર, તા.૨૪


તસ્વીર : ધર્મેશ પાઠક

ભારતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રની શરૂઆત કર્યાને વર્ષ ૨૦૨૪ માં ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોય આ સ્વર્ણ જયંતી વર્ષ અતર્ગત તા.૨૩-૦૯-૨૦૨૪ થી તા.૨૮-૦૯-૨૦૨૪ કૃષક સ્વર્ણ સમૃદ્ધિ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવશે. જેના ભાગરૂપે કોડીનાર ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ અને આત્મા પ્રોજેક્ટ ગીર સોમનાથના સયુક્ત ઉપક્રમે ટકાઉ ખેતી પદ્ધતિ વિષય પર પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં તજજ્ઞોએ ગુજરાત રાજ્યની ખેતીવાડી, બાગાયત, પશુપાલન ખાતાની યોજનાઓ વિષે માહિતી આપી હતી. આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ, ટકાઉ ખેતી માટે સંકલિત ખેતી પદ્ધતિ, સંકલિત રોગ-જીવાત નિયંત્રણની નવીનતમ ટેકનોલોજી, ખેતીમાં ડ્રોન ટેકનોલોજીની ઉપયોગિતા વગેરે વિષય પર કેવિકેના વિષય નિષ્ણાતોએ માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં ખેતીલક્ષી જુદા-જુદા સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત સૌએ સ્વચ્છતા શપથ લીધા હતા. આ કાર્યક્રમમાં અંદાજિત ૨૦૫ થી વધારે ખેડૂત ભાઈઓ-બહેનોએ હાજરી આપી હતી.

# સુરતના કતારગામમાં હીરાની કંપનીમાં ગેસ બ્લાસ્ટ : ૧૪ રત્નકલાકારો દાઝ્યા

## બે લોકોની હાલત ગંભીર, મેયર હોસ્પિટલ ખાતે પહોંચ્યા

સુરત,તા.૨૪

સુરતના કતારગામ વિસ્તારની આરવી ડાયમંડ્સ કંપનીના ત્રીજા માળે ડાયમંડને ક્લીન કરતી વખતે ગેસ લાઈનમાં ધડાકાભેર સાથે બ્લાસ્ટ થયો હતો. ડાયમંડ ઉપરની ડસ્ટ દૂર કરવા માટે અને તેને ક્લીન કરવા માટે ગેસ લાઈનનો ઉપયોગ કરવામાં આવતો હતો. એકાએક



જ બ્લાસ્ટ થતા હીરા ક્લિનિંગનું કામ કરતા ૧૪ રત્નકલાકારો દાઝી ગયા હતા. ફાયર વિભાગ દ્વારા ઘટનાસ્થળ ઉપર પહોંચીને આગ ઉપર કાબુ મેળવી લેવાયો હતો. હાલ આ ઘટનામાં ફ્લેશ ફાયરથી દાઝેલા લોકોમાંથી બેની હાલત ગંભીર હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે. ગેસ પાઈપલાઈનના ઉપયોગ મામલે ખૂબ જ ગંભીર બાબત સામે આવી છે. ગેસ સિલિન્ડર મારફતે ગ્રાઉન્ડ ફ્લોરથી ત્રીજા માળ સુધી ગેસ લાઈન નાખવામાં આવી હતી. આ ગેસ લાઈનનો ઉપયોગ ગોલ્ડનને ઓગાળવા માટે અને હીરાની સફાઈ માટે પણ કરવામાં આવતો હોવાનું જાણવા મળ્યું છે. તેમજ પેન્ટ્રીમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવતો હતો.

# અમરેલી જિલ્લાની શેત્રુંજી નદીમાંથી ઈકો સેન્સેટીવ ઝોન હટાવવા અંગે ડ્રાફ્ટ નોટિફિકેશન જાહેર

## ઈકો સેન્સેટીવ ઝોન ઉઠશે કે કેમ ? કેન્દ્ર સરકાર સૂચનો મંગાવશે

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લામાંથી પસાર થતી શેત્રુંજી નદીને ઈકો સેન્સેટીવ ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે જેના કારણે જિલ્લાની જનતાને મકાન સહિતના કામો કરવા માટે ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હાઈકોર્ટના આદેશ બાદ વન્યપ્રાણીઓના રક્ષણ માટે શેત્રુંજી નદીનો ઈકો ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે આ બાબતે મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ઈકો ઝોન હટાવવા માટે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી તેમજ રાજય સરકાર દ્વારા નોટિફિકેશન તૈયાર કરવામાં આવ્યું હતું અને આ નોટિફિકેશન કેન્દ્ર ખાતે મોકલવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા આ નોટિફિકેશનને લઈ ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. જેમાં શેત્રુંજી નદીનો ઈકો ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યુ છે. કેન્દ્ર સરકારે ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડતા શેત્રુંજી નદીને ઈકો ઝોનમાંથી ઉઠાવવી કે નહી તે માટે સૂચનો મંગાવવામાં આવ્યા છે. ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પડતા આવનારા સમયમાં શેત્રુંજી નદીને ઈકો ઝોનમાંથી દૂર કરવામાં આવશે તેવી આશા સેવાઈ રહી છે. નોટિફિકેશનનો ૬૦ દિવસમાં જવાબ રજૂ કરવા કેન્દ્ર દ્વારા જણાવવામાં આવ્યું છે. ભૂતકાળમાં શેત્રુંજી નદીમાંથી ઈકોઝોન ઉઠાવવા માટે સુપ્રીમ કોર્ટ સુધી લડેલી સંસ્થાઓ પણ સૂચનો મોકલી શકશે.

# પડતર માંગણીઓ લઈને ગાંધીનગર આવેલા વનવિભાગની ભરતીના ઉમેદવારોની ટીંગાટોળી

ગાંધીનગર,તા.૨૪



ગુજરાતમાં વનવિભાગની ભરતી માટેની જાહેરાત કરવામાં આવી હતી. જે બાદ ૮ થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધીમાં પરીક્ષા લેવામાં આવી હતી. નોંધનીય છે કે ૮૨૩ પદ માટે ૮ લાખ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ૪ લાખ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. જેનું પરિણામ જાહેર થતાં જ ઉમેદવારોમાં રોષ ફાટી નીકળ્યો છે. CBRT નોર્મલાઈઝેશન મેથડના કારણે અન્યાય થયો હોવાનો ઉમેદવારોનો આક્ષેપ છે. ત્યારે આજે ફરીવાર પડતર માંગણીને લઈને ઉમેદવારો ગાંધીનગર આવી પહોંચ્યા હતા. જ્યાં પોલીસે ૧૦૦ ઉમેદવારોની અટકાયત કરી હતી. ગાંધીનગરમાં આંદોલન કરવા આવેલા ઉમેદવારોએ કહ્યું હતું કે, મહેકમ મુજબ ૫૦૦થી ૭૦૦ જગ્યાઓ ખાલી પડી છે. તો સરકારને વિનંતી છે કે, ચાલુ ભરતીમાં જ તે જગ્યા ઉમેરી દેવામાં આવે જેથી જે ઉમેદવારોને અન્યાય થયો છે તેને લાભ મળે.

## હિચકારી ઘટના અંગે શિક્ષણમંત્રીએ દુઃખ વ્યકત કર્યું

# દાહોદમાં બાળકી સાથે અપડલા કરી મારી નાખનાર આચાર્ય સામેનો કેસ ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ચાલશે : શિક્ષણમંત્રી

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨૪

દાહોદના પીપળીયા ગામની તોયણી પ્રાથમિક શાળામાં ધોરણ ૧ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની પર દુષ્કર્મ બાદ હત્યાનો બનાવ સામે આવ્યો છે. જેને લઈને શિક્ષણ વિભાગ સામે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. દાહોદમાં બનેલી ઘટના અંગે વાત કરતા શિક્ષણમંત્રી કુબેર ડીંડોરે પણ દુઃખ વ્યક્ત કર્યું હતું.

શિક્ષણમંત્રી કુબેર ડીંડોરે જણાવ્યું હતું કે, દાહોદમાં બનેલી ઘટના અંગે દુઃખ છે અને સમગ્ર ઘટના નિંદનીય પણ છે. આ ઘટના અંગે જે પણ કસૂરવાર હશે તેને સાંખી નહીં લેવામાં આવે. સમગ્ર ઘટનાની જાણ થતા તુરંત આરોપી આચાર્યની ધરપકડ કરી લેવામાં આવી અને આચાર્યને જેલના હવાલે કર્યા છે.



આરોપી આચાર્યની ધરપકડ બાદ પોલીસ તંત્રને કાર્યવાહી કરવા માટેની સૂચના આપી છે. ભવિષ્યમાં આવી ઘટના ઘટે નહીં તે માટે સરકાર ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવી પીડિતાના પરિવારને ન્યાય અપાવીને સાંત્વના આપશે.

# ગાંધીનગરમાં પાંચમા ડેકોરાઈઝ એક્ઝિબિશનનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર,તા.૨૪



સીએમ ભૂપેન્દ્ર પટેલે ડેકોરાઈઝ વેલફેર એસોસિએશન અમદાવાદના સહયોગથી ગાંધીનગરમાં યોજાઈ રહેલા ત્રિ-દિવસીય પાંચમા ડેકોરાઈઝ-૨૦૨૪ પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું હતું. ઈવેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિઝનેસના આ વિશાળ પ્રદર્શનમાં દેશના વિવિધ રાજ્યોની ૨૫૦થી વધુ ડેકોરેશન એન્ડ ઈવેન્ટ કંપનીઝ પોતાની નવી ઈનોવેટિવ પ્રોડક્ટ સાથે સહભાગી થઈ છે. મેરેજ, કોર્પોરેટ, ગવર્મેન્ટ અને રિલિજિયસ, સોશિયલ ઈવેન્ટમાં આ નવીન પ્રોડક્ટ અને ઈનોવેશનના ઉપયોગ અંગેનું નિદર્શન આ ત્રિ-દિવસીય પ્રદર્શનમાં જોવા મળશે. સીએમ ભૂપેન્દ્ર પટેલે આ પ્રદર્શન સાથે જ મંડપ હાયરર્સ ઈલેક્ટ્રિકલ એસોસિયેશન ગુજરાતના ૩૦મા વાર્ષિક અધિવેશનનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે પ્રદર્શનના અલગ-અલગ સ્ટોલ્સની મુલાકાત પણ લીધી હતી અને એસોસિએશનના ત્રણ વરિષ્ઠ સભ્યોનું લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી ગૌરવ સન્માન કર્યુ હતું. આ એવોર્ડ્સ મેળવનારાઓમાં નટુભાઈ ભટ્ટ, સમીર શાહ અને સ્વ. જગદીશભાઈ ભાવસારનો સમાવેશ થાય છે. સીએમ ભૂપેન્દ્ર પટેલ સાથે આ ઉદ્ઘાટન અવસરે ગાંધીનગરના ધારાસભ્ય શ્રીમતી રીટાબહેન, મેયર શ્રીમતી મીરાબહેન, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ગૌરાંગભાઈ તેમજ એસોસિએશનના પ્રમુખ જોડાયા હતા.

# અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ૧૨ પિસ્તોલ અને ૫૦ જીવતા કારતૂસ સાથે ૩ લોકોને ઝડપ્યા

## ગેંગવોર અને લૂંટના પ્લાનનો અંજામ આપવા હથિયાર મંગાવ્યા હોવાનો ખુલાસો

અમદાવાદ,તા.૨૪

અમદાવાદ ક્રાઈમ બ્રાંચની મોટી કાર્યવાહી સામે આવી છે. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ૧૨ દેશી પિસ્તોલ અને ૫૦ જેટલા જીવતા કારતૂસ સાથે ૩ લોકોની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદ સહિત અન્ય જગ્યાઓ પર ક્રાઈમ બ્રાંચે તપાસ હાથ ધરી હતી.




જેમાંથી એક આરોપી પાલનપુર લૂંટનો વોન્ટેડ છે. જ્યારે બીજો આરોપી કર્ણાટકમાં થયેલી લૂંટનો વોન્ટેડ છે. તો ત્રીજો આરોપી રાજસ્થાનમાં મારામારીના ગુનામાં સંડોવાયેલો છે. પ્રાપ્ત થતી વિગતો અનુસાર ગેંગવોર અને લૂંટના પ્લાનને અંજામ આપવા હથિયાર મંગાવ્યા હોવાનો ખુલાસો થયો છે.

બીજી તરફ અમદાવાદના અસલાલીમાં એસએમસીએ દરોડા પાડ્યા છે. અમદાવાદના પીરાણા સ્થિત ગઢવીના ફાર્મ હાઉસથી દારુ પકડાયો છે. ગોડાઉનમાંથી ૨૮ લાખથી વધુની કિંમતની બોટલો મળી આવી છે. પોલીસે ૨૧ હજારથી વધુ દારૂની બોટલો જપ્ત કરી છે. દારૂ સહિત રૂ.૪૩.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. દારૂ મોકલનાર, મંગાવનાર સહિતની તપાસ હાથ ધરી છે.

# બનાસકાંઠાના ઈકબાલગઢ નજીક ટ્રક ચાલક અને આરટીઓ કર્મચારીઓ વચ્ચે બબાલ

પાલનપુર,તા.૨૪

બનાસકાંઠામાં ટ્રક ચાલકો અને આરટીઓના કર્મચારીઓ વચ્ચે ઘર્ષણ થતા મામલો ગરમાયો હતો. બનાસકાંઠાના અમીરગઢ ખાતે ઈકબાલગઢ પાસે આ બબાલ થઈ હતી. જેમાં એક ટ્રક ચાલકને આરટીઓ કર્મચારી દ્વારા ઉભા રહેવા માટે જણાવવામાં આવ્યુ હતું. જોકે ટ્રક ચાલક ટ્રક લઈને ફરાર થઈ ગયો હતો. જેને પગલે આરટીઓના કર્મચારીઓએ ટ્રકનો પીછો કર્યો હતો. જેમાં આરટીઓની સરકારી ગાડીના કાચ ફોડીને હુમલો કરવામાં આવ્યો હતો. ટ્રકનો પીછો કરવામાં આવતા ગંગાસાગર પાટીયા પાસે આ હુમલો કરવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. જેને પગલે પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ટ્રક ઓવરલોડ હોવાથી આરટીઓ દ્વારા ટ્રક ચાલકને ઉભા રહેવા જણાવવામાં આવ્યું હતું. જોકે ટ્રક ચાલક ટ્રક સાથે ફરાર થતા આ ઘર્ષણ થયું હતું.

# ઉપલેટાના વચલા કલારીયા ગામે શ્રમિકની બે બાળકીઓના ડૂબી જવાથી મોત

## બંને બાળકીઓના મોતથી પરિવારમાં આક્રંદ

રાજકોટ,તા.૨૪



ઉપલેટા તાલુકાના વચલા કલારીયા ગામે આવેલા તળાવમાં ખેત મજૂરી કરતા પરપ્રાંતીય મજૂરની બે માસૂમ બાળકીના ડૂબી જતા મોત થયા હતા. બન્ને રમતાં રમતાં તળાવ નજીક ક્યારે પહોંચી ગઈ તેનો પરિવારને ખ્યાલ ન રહ્યો અને અંતે બન્ને બાળકીના મૃતદેહ જ હાથ લાગતાં પરિવાર હીબકે ચડ્યો હતો. બન્ને બાળકીના મૃતદેહને બહાર કાઢી ઉપલેટા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, તેમજ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ ઉપલેટા તાલુકાના વચલા કલારીયા ગામે ખેત મજૂરી કરવા માટે આવેલા પરપ્રાંતિય મજૂર ખેતી કામમાં વ્યસ્ત હતા ત્યારે ૪ વર્ષની શિવાની ઈતારામ સોલંકી તેમજ ૨ વર્ષની સુમન ઈતારામ સોલંકી માતા પિતાની નજર ચૂકવીને તળાવ પાસે રમતાં રમતાં પહોંચી ગઈ હતી અને પાણીમાં ડૂબી ગઈ હતી. ઘટના બાદ એકઠા થયેલા લોકોએ બન્નેને બહાર કાઢી તાબડતોબ સિવિલ હોસ્પિટલ ખસેડી હતી જ્યાં ફરજ પરના તબીબે બન્નેને મૃત જાહેર કરતાં પરિવારજનો સ્તબ્ધ બની ગયા હતા.

# ભરૂચ જિલ્લામાં નરાધમે માત્ર ૧૦ માસની બાળકી સાથે દુષ્કર્મનો પ્રયાસ કરતા ફીટકાર

ભરૂચ,તા.૨૪

ભરૂચ જિલ્લામાં બળાત્કારના કિસ્સાઓમાં ઘરખમ વધારો નોંધાયો છે. જેમાં ઘર આંગણે રમતી બાળકી પર દુષ્કર્મ કરવાનો પરપ્રાંતીય નરાધમ પર આરોપ છે.



બાળકીના રડવાનો આવાજ આવતા લોકો સ્થળ પર દોડી આવ્યા હતા અને બાળકીને બચાવી બેભાન અવસ્થામાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. પોલીસે ગુનાની ગંભીરતા સમજી તાત્કાલિક બાળકીને સારવાર અપાવવા સાથે નરાધમની અટકાયત કરી હતી. નરાધમ સામે લોકો ફીટકાર વરસાવી રહ્યાં છે.

## કેદી ખીલી ખાઈ જતા ડોકટરોએ કેળા ખાવાનું કહેતા પોલીસ કર્મી કેળાની પૂછપરછ કરતા સમયે

# રાજકોટની હોસ્પિટલમાં કોન્સ્ટેબલની આંખમાં મરચાની ભુકી નાખી જૂનાગઢનો કેદી ફરાર

## કેદી ફરાર થઈ જતા કોન્સ્ટેબલે પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૪

મોરબીના વતની સાગર નવઘણ મુંધવા વિરુદ્ધ કેશોદ પોલીસ મથકમાં અપહરણ અને દુષ્કર્મનો ગુનો નોંધાયો હતો. આ કેસમાં પોલીસે સાગરની ધરપકડ કરી તેને જૂનાગઢ જેલહવાલે કર્યો હતો. પાંચ દિવસ પહેલાં સાગરે જૂનાગઢ જેલમાં લોખડની ખીલી ખાઈ લીધી હતી. જેથી સાગરને જૂનાગઢ હોસ્પિટલ બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં રાજકોટના તબીબોએ સાગર મુંધવાને કેળા ખવડાવવાનું કહેતા જાપ્તાના પોલીસ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ નારણભાઈ બાબરિયા કેદી સાગરને લઈને હોસ્પિટલ કેમ્પસમાં આવેલી કેન્ટીને લઈને ગયા હતા. કોન્સ્ટેબલ બાબરિયાએ કેળા ક્યાંથી મળશે તે અંગેની પૂછપરછ કરી હતી. તે દરમિયાન કેદી સાગરે પોતાના પેન્ટના ખિસ્સામાં રહેલો રૂમાલ કાઢ્યો હતો અને રૂમાલમાં રહેલી મરચાંની ભૂકી કોન્સ્ટેબલ બાબરિયાની આંખમાં નાખી દીધી હતી. સાથે જ કેદી સાગર ભાગી ગયો હતો. આ મામલે અંતે કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ બાબરિયાએ પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ૧ ઓક્ટોબરથી ૧૩ ઓક્ટોબર સુધી મહંતસ્વામી જૂનાગઢમાં રહેશે, હરિભક્તોમાં ઉત્સાહનો માહોલ

જૂનાગઢ,તા.૨૪

બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના ગાદીપતિ મહંત સ્વામી ૧ ઓક્ટોબરથી લઈને ૧૩ ઓક્ટોબર સુધી જૂનાગઢના BAPS સ્વામિનારાયણ મંદિરમાં આગમન કરી રહ્યા છે. મહંત સ્વામી તેમના આ રોકાણ દરમિયાન નવરાત્રિના તમામ દિવસો જૂનાગઢમાં પસાર કરશે. પ્રમુખસ્વામી બાદ ગાદીએ બિરાજેલા મહંત સ્વામી અગાઉ એક વખત ગાદીપતિ બન્યા બાદ સ્વામિનારાયણ મંદિરની મુલાકાતે આવી ચૂક્યા છે. ત્યારબાદ તેઓ બીજી વખત જૂનાગઢ આવી રહ્યા છે. જેને લઈને હરિભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે.



સ્વામિનારાયણ સંપ્રદાયના વડા મહંત સ્વામી આગામી ૧ ઓક્ટોબર થી લઈને ૧૩ ઓક્ટોબર સુધી જૂનાગઢના મહેમાન બનવા જઈ રહ્યા છે. જેને લઈને મોતીબાગ નજીક આવેલા અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરમાં તૈયારીઓનો ધમધમાટ શરૂ થયો છે. મહંત સ્વામી બીએપીએસ સ્વામિનારાયણ સંપ્રદાયના પ્રમુખ બન્યા બાદ બીજી વખત જૂનાગઢના અક્ષર મંદિરમાં આવી રહ્યા છે. જેને ધ્યાને રાખીને હરિભક્તોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# ભાવનગરમાં રૂા.૭ લાખના ડ્રગ્સ સાથે ત્રણ ઈસમોને ઝડપી લેતી પોલીસ

(એ.આર.એલ),ભાવનગર,તા.૨૪

ભાવનગરમાં એસઓજીએ ઝડપેલ ડ્રગ્સની તપાસ પૂર્ણ થઈ છે. ત્રણ ઈસમને ૭૦.૮૨ ગ્રામના ડ્રગ્સ સાથે ઘોઘાના કુડા ચોકડી પાસેથી ઝડપ્યા છે, ઈસમો સાથે ૭ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી એસઓજીએ કાર્યવાહી શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.



હાલ એસઓજી દ્વારા ઘોઘા પોલીસ સ્ટેશને ગુનો રજિસ્ટર કરાવ્યો છે. ઈકબાલ ચૌહાણ, રાજેશ સોલંકી, જયેશ ગોહેલને ઝડપી લીધા છે. ૩ ઈસમો સાથે ૭,૨૩૨,૦૦નો મુદ્દામાલ પણ કબ્જો કર્યો છે. મેથાએમ્ફટામાઈન ડ્રગ્સ સાથે ત્રણ ઈસમોને ઝડપી લીધા છે.ગુજરાત રાજ્યના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી દ્વારા ગુજરાત રાજ્યમાં એ.ટી.એસ.ના માર્ગદર્શન હેઠળ માદક પદાર્થના ગેરકાયદેસર વેચાણ અને વહન અંગેના કેસો કરવા અને તેવા પદાર્થ શોધી તેનું ગેરકાયદેસર વેચાણ કરતા ઈસમો સામે કાયદેસર કાર્યવાહી કરવા ગુજરાત રાજયના તમામ જિલ્લાને આદેશ આપેલ હતા.

